**આજનો સુવિચાર**

જીવનમાં ક્યારેય આશા ગુમાવો નહી કારણ કે તમે ક્યારેય જાણતા નથી કે આવતીકાલે શું લાવશે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૬૫ જૂનાગઢ તા.૨૮-૦૨-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 65, Junagadh : Date : 28 February, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# હિમાચલ પ્રદેશનાં મુખ્યમંત્રી સુખવિંદર સુખુએ રાજીનામુ આપવાની દરખાસ્ત કરી

## હિમાચલમાં રાજકીય ધમાસાણ : પૂર્વ મુખ્યમંત્રી વિરભદ્રનાં પુત્ર વિક્રમાદિત્યએ મંત્રીપદેથી રાજીનામુ આપ્યું : ભાજપનાં ૧૫ ધારાસભ્યોને સસ્પેન્ડ કરાયા : વિપક્ષ ભાજપનાં નેતા જયરામ ઠાકુરે રાજયપાલની મુલાકાત લઈ ફ્લોર ટેસ્ટની માંગણી કરી



શિમલા તા. ૨૮

હિમાચલ પ્રદેશમાં ગઈકાલે રાજયસભાની ચૂંટણીનાં મતદાનમાં ક્રોસ વોટીંગ બાદ રાજકીય ધમાસાણ મચી ગયું છે. કોંગ્રેસ શાસિત હિમાચલપ્રદેશમાં મુખ્યમંત્રી સુખવિંદર સુખુની સરકાર સંકટમાં આવી ગઈ છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી સુખવિંદર સુખુએ રાજીનામું આપવાની દરખાસ્ત કરી છે. તેમણે કોંગ્રેસ નિરીક્ષકો ભૂપેન્દ્ર હુડ્ડા અને ડીકે શિવકુમારને પોતાનું રાજીનામું આપી દીધું છે. આ પછી સાંજે ધારાસભ્ય દળના નવા નેતાની પસંદગી થઈ શકે છે. વર્તમાન પરિસ્થિતિમાં કોંગ્રેસ હાઈકમાન્ડ હિમાચલની રાજકીય સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

સ્પીકરે સસ્પેન્ડ કર્યા છતાં પણ ભાજપના ધારાસભ્યો વિધાનસભા ગૃહમાં બેઠા છે. તેમને બહાર કાઢવા માટે માર્શલો બોલાવવામાં આવ્યા છે. દરમિયાન ભાજપે રાજયપાલને મળવા માટે ફરીથી સમય માંગ્યો છે. વહેલી સવારે તેઓ રાજયપાલને મળ્યા હતા. જેમાં સરકારના ફ્લોર ટેસ્ટની માંગણી કરી હતી.

હિમાચલ પ્રદેશમાં રાજકીય હલચલ વધી ગઈ છે. પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્રના પુત્ર વિક્રમાદિત્યએ નામ લીધા વિના સીએમ સુખવિંદર સુખુ પર અપમાન કરવાનો આરોપ લગાવ્યો અને મંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે.

વિક્રમાદિત્યએ કહ્યું કે તેમનું અપમાન થયું છે. ધારાસભ્યોની અવગણના કરવામાં આવી હતી, જેનું પરિણામ ગઈકાલે જોવા મળ્યું હતું. હવે આગામી નિર્ણય હાઈકમાન્ડે લેવાનો છે.

ક્રોસ વોટિંગ કરનાર ધારાસભ્ય રાજેન્દ્ર રાણાએ કોંગ્રેસ હાઈકમાન્ડ પાસે સુખુને સીએમ પદેથી હટાવવાની માગ કરી છે. તેમણે કહ્યું છે કે જો આવું થાય તો તેઓ પાછા આવી શકે છે.

આ દરમિયાન વિધાનસભા અધ્યક્ષે ભાજપના ૧૫ ધારાસભ્યોને ગૃહમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. જેમાં વિપક્ષના ભાજપનાં નેતા જયરામ ઠાકુરનો પણ સમાવેશ થાય છે. જયરામ ઠાકુર બુધવારે સવારે રાજયપાલને મળ્યા હતા અને ફ્લોર ટેસ્ટની માગ કરી હતી. જયરામ ઠાકુર મંગળવારે રાજયસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ બાદ રાજયપાલને મળ્યા હતા. કોંગ્રેસના ૬ ધારાસભ્યો અને ૩ અપક્ષ ધારાસભ્યોએ ભાજપના ઉમેદવારની તરફેણમાં મતદાન કર્યું હતું, ત્યારબાદથી સુખુ સરકાર સંકટમાં આવી ગઈ છે.

# રૂા.૨૦૦૦ કરોડનાં ડ્રગ્સ સાથે ઝડપાયેલા પાંચ પેડલરોને મોડીરાત્રે પોરબંદર લવાયા : ગુપ્ત સ્થળે પુછપરછ

અમદાવાદ તા. ૨૮

વેરાવળના સમુદ્ર કાંઠે ઉતરેલા ૩૫૦ કરોડ રૂપિયાના ડ્રગ્સને ઝડપી લીધું હોવાની ઘટનાની હજુ શાહી સુકાઈ નથી ત્યાં મંગળવારે ચોક્કસ ટીપ મળ્યા બાદ પોરબંદરના અરબી સમુદ્રમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક બોટને ઝડપી પાડવામાં આવી હતી. ગુજરાત ATS, નેવી અને NCBના સંયુક્ત ઓપરેશનમાં આ બોટની સાથે પાંચ પેડલરને પણ દબોચી લેવામાં આવ્યા છે. અને તેમને પોરબંદર લાવીને મોડી રાત્રે ગુપ્ત સ્થળે ખસેડવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. આ ઓપરેશનમાં દરિયાઈ સીમામાંથી અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ભારતીય દરિયાઈ સીમા પરથી ૩૩૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. આ ડ્રગ્સની કિંમત ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ, ગુજરાત એટીએસ તથા એનસીબીએ નેવી સાથે મળીને પોરબંદરની આસપાસના દરિયામાંથી એક શંકાસ્પદ જણાવતી ઈરાની બોટ પકડી પાડી હતી, જેની તલાશી લેવામાં આવતા તેમાંથી ૩૦૦૦ કિલો કરતાં વધુ માત્રામાં ડ્રગ્સ મળી આવતા આ બોટમાં સવાર પાંચ પેડલરોને દબોચી લેવામાં આવ્યા હતા.

ભારતીય દરિયાઈ સીમા પર આજે મોડી સાંજે દિલ્હી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો, ગુજરાત ATS અને અન્ય સેન્ટ્રલ એજન્સીએ ભેગા મળીને ૩૩૦૦ કિલોનું ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું.

એજન્સીના સંયુકત ઓપરેશનમાં ઈરાનથી આવતી બોર્ડમાં ત્રણ શકમંદો ચરસ અને અન્ય ડ્રગ લઈને આવતા હતા. જેની માહિતીના આધારે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કલાકો સુધી દરિયામાં રહીને એજન્સી અને ગુજરાતી ATSના અધિકારીઓએ બોટને આંતરીને ડ્રગ્સ ઝડપી લીધું હતું.

# ગુજરાતમાં માર્ગ અકસ્માતોમાં દરરોજ ૨૧ વ્યકિતનાં મોત

અમદાવાદ,તા.૨૮

છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં માર્ગ અકસ્માતોમાં દરરોજ ૨૧ લોકો જાન ગુમાવે છે. ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસનાં ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણના પ્રશ્નના જવાબમાં રાજય સરકારે કહ્યું કે, ૨૦૨૦-૨૧ માં માર્ગ અકસ્માતોમાં ૬૨૮૧ લોકોના જીવ ગયા હતા.૨૦૨૨-૨૩ માં ૭૬૫૬ લોકો ભોગ બન્યા હતા. ત્રણ વર્ષમાં ૧૮ ટકા વધુ લોકો માર્ગ અકસ્માતોનો ભોગ બન્યા હતા. રાજયમાં સૌથી વધુ વાહનો ધરાવતાં અમદાવાદ શહેરમાં દર ત્રણ દિવસે ચાર લોકોનો માર્ગ અકસ્માતમાં ભોગ લેવાય છે. ૨૦૨૦-૨૧ માં શહેરમાં ૩૧૨ લોકોનો જીવ ગયો હતો.૨૦૨૨-૨૩ માં ૪૯૬ લોકો અકસ્માતોમાં ભોગ બન્યા હતા.અમદાવાદ ગ્રામ્યમાં પણ ત્રણ દિવસે ચાર લોકો માર્ગ અકસ્માતોનો શિકાર બને છે. રાજકોટમાં ૨૦૨૦-૨૧ માં ૧૨૯ લોકો માર્ગ અકસ્માતોમાં ભોગ બન્યા હતા. તે સંખ્યા ૨૦૨૨-૨૩ માં ૧૫૬ ની હતી. આરટીઓ વિભાગનાં અધિકારીઓએ એવો દાવો કર્યો કે ગ્રામ્ય વિસ્તારોમાં જીવલેણ અકસ્માતો વધુ થાય છે. હાઈવે સહિતના માર્ગો સારા બનવાને કારણે વાહનો તેજ ગતિએ ચાલે છે અને તેને પરિણામે અકસ્માતો વધ્યાની શકયતા છે.

# રાજયસભામાં ભાજપ હવે સૌથી મોટી પાર્ટી : બહુમતીની નજીક

નવી દિલ્હી તા. ૨૮ :

ગત લોકસભાની ચૂંટણીમાં શાનદાર પ્રદર્શન કરનાર ભાજપ હવે રાજયસભામાં પોતાના દમ પર બહુમતીની ખૂબ નજીક પહોંચી ગયું છે. એપ્રિલમાં ખાલી પડેલી રાજયસભાની ૫૬ બેઠકોમાંથી ભાજપે ૩૦ બેઠકો જીતી છે. જેમાંથી ૨૦ બિનહરીફ ચૂંટાયા હતા. તે જ સમયે, મતદાન દ્વારા ૧૦ બેઠકો જીતી હતી. આ સાથે રાજયસભામાં ભગવા પાર્ટીના સાંસદોની સંખ્યા વધીને ૯૭ થઈ જશે. આ સાથે જ ભાજપના નેતૃત્વ હેઠળના NDAના સાંસદોની સંખ્યા વધીને ૧૧૭ થઈ જશે.

ઉપલા ગૃહમાં ૨૪૦ સાંસદોની સંખ્યા છે. બહુમતી માટે કોઈપણ પક્ષ અથવા ગઠબંધનને ૧૨૧ સાંસદોના સમર્થનની જરૂર હોય છે. એનડીએ સાથે આ સંખ્યા ૧૧૭ પર પહોંચી ગઈ છે. જે બહુમતીથી માત્ર ૪ જ બેઠક દૂર છે. પાર્ટીની સથિતિની વાત કરીએ તો ૯૭ સાંસદો સાથે ભાજપ રાજયસભામાં સૌથી મોટી પાર્ટી છે. જેમાં પાંચ નામાંકિત સભ્યોનો સમાવેશ થાય છે. કોંગ્રેસ ૨૯ સાંસદો સાથે બીજા સ્થાને છે. આ ચૂંટણીમાં હિમાચલ અને ઉત્તર પ્રદેશમાં ક્રોસ વોટિંગ થયું હતું. જેના કારણે હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ભાજપને એક-એક બેઠકનો ફાયદો થયો છે. આ સાથે ભાજપના સાંસદોની સંખ્યા વધીને ૯૭ થઈ ગઈ છે.

# આજે સવારે ધોલેરા - વટામણ હાઈવે પર બે ટ્રક વચ્ચે ટકકર : ત્રણનાં મોત



અમદાવાદ તા. ૨૮

અમદાવાદના ધોલેરા-વટામણ હાઈવે પર પીપળી ગામ પાસે આજે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત થયો હતો. સામસામે ધડાકાભેર અથડાતા બે ટ્રક રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી. જેમાં બન્ને ટ્રકની કેબિનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આથી અંદર રહેલા ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ઘટનાને પગલે ધોલેરા પોલીસ દોડી આવી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. પીપળી ગામ પાસે GJ-01-CX-0386 નંબરની ટ્રક અને GJ-04-AT-8262 નંબરની આઈસર ટ્રક સામસામે ધડાકાભેર અથડાઈ હતી. બન્ને ટ્રકનો આગળ ભાગ પડીકુ વળી ગયો હતો. અકસ્માતની જાણ થતા જ આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને પોલીસ તથા ૧૦૮ને જાણ કરી હતી. પોલીસે ત્રણેય મૃતકોના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉત્તરપ્રદેશમાં બનેલી ભયાનક ઘટના : મહિલાનાં ૨૦ ટુકડા કરી લાશને ફેંકી દીધી

અમરોહા તા. ૨૮

ઉત્તરપ્રદેશમાં શ્રદ્ધા હત્યાકાંડ જેવી ભયાનક ઘટના બની છે જેમાં મહિલાના ૨૦ ટુકડા કરી લાશને બે બેગમાં ભરી ફેંકી દીધી હોવાનો બનાવ બનવામાં પામ્યો છે. મહિલાના પ્રાઈવેટ પાર્ટ પણ કાપી નાખ્યા છે. દુષ્કર્મ થયાની શંકા છે. અમરોહાના સડક કિનારેથી પ્લાસ્ટિકના બે કોથળામાંથી બે બેગ મળી આવી, જેમાં એક બેગમાં મહિલાના ટુકડા હતા. આ મહિલાની કોઈ ઓળખ મળી શકી નથી.


:: ફ્લેટ વેચવાનો છે ::
2 BHK ડાઈનીંગ, ફુલ ફર્નીચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે.
નોબલ ટાવર, નહેરૂપાર્ક
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૭ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

HOPE
DIABETES & PHYSIOTHERAPY CENTRE
ડો. દિપક ચુડાસમા MBBS, PGDM, PhD Scholar કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા BPT, MPT ortho, PhD Scholar કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
- ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
- ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
- ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
- ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર. કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝન શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૫૦૦નાં રીપોર્ટ માત્ર ૧૦૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
હવેથી નવું સરનામું નોંધી લેશો
૨૦૨, બીજો માળ, દાસારામ પ્રાઈમ-૨, સંકલ્પ હોટલની ઉપર, ફળદુ વાડીની બાજુમાં, ઝાંઝરડા - મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

ડો. રશ્મિ પી. બાલચંદાણી B.A.M.S.
Mo. 74859 53500
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ ● સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ગરવા ગિરનારની ગોદમાં માઈ પૂર્ણિમાનાં અજવાળે

# સિન્ધુ સમુહ વિવાહમાં જ્ઞાતિગંગા : ૧૪ યુગલોનો ઐકોત્સવ હરખભેર માણ્યો

## ગુરૂમાંના નિજ સાંનિધ્યમાં પાવન પરિણયનાં ડગ ભરતા નવદંપતિને રૂડા આર્શિવાદ આપી કન્યાદાન-વિદાયવેળાએ મંગલ કરૂણ દ્રશ્યો સર્જાયા






### સિન્ધુ ફાઉન્ડેશનનાં તમામ ટ્રસ્ટીઓની રાત-દિવસની મહેનત રંગ લાવી આવતા વર્ષે સમુહ વિવાહમાં બહુમત પરીવારોને જોડવા છે : સુનિલ નાવાણી

### સમુહ વિવાહનું સફળ આયોજન ટીમવર્કને આભારી છે

જૂનાગઢમાં ગત વર્ષે પ્રથમ સમુહ વિવાહમાં ૧૧ નવદંપતિ જોડાયા બાદ આ વખતે દ્રિતીય સમુહ વિવાહમાં ૧૧ નવ દંપતિ જોડાયા બાદ આ વખતે દ્રિતિય સમુહ વિવાહમાં અકલ્પનીય સહયોગ સિન્ધી સમાજ પાસેથી મળ્યો છે તેમ જણાવી સુનિલ નાવાણીએ નિખાલસતાપૂર્વક કહયું કે ૧૪ દિકરીઓના માવતર બનવા પાછળ અમારી ફાઉન્ડેશનની આખી ટીમનું જબરૂ ટીમવર્ક રહયું છે. સ્થળ પસંદગી, સુવિધા, લગ્નના પ્રત્યેક જોડાઓ માટે અલગ અલગ શણગારેલા મંડપો, લાઈટીંગ, સુશોભન, બેઠક વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા, ઉતારા વ્યવસ્થા અને વૈદિક વિધિથી લગ્ન કરાવવા માટે ૧૭ ભુદેવોની ટીમનો સહયોગ પણ અનન્ય રહયો છે.

### કયાંય તારા નામની તકતી નથી, અરે ઓ દાતાશ્રી તમારી સખાવને સલામ..!

જૂનાગઢ સ્થિત સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશનનાં તમામ ટ્રસ્ટીઓએ દ્રિતીય સમુહ વિવાહને ભવ્ય બનાવવા દિવસ-રાત એક કર્યા છે. સ્થાપક પ્રમુખ સુનિલ નાવાણીએ આ સામાજીક ઐકોત્સવને આટલી જબરી સફળતા મળે તે માટે દાતાશ્રીઓ સમક્ષ એક લાકડીયો તાર મોકલ્યો હતો. સમુહ વિવાહ માટે હજુ પંદર દિવસ બાકી હતા ત્યાં જ કન્યા દાનમાં સોનાના દાગીના, ઘર વપરાશની તમામ ચીજવસ્તુઓ જેવી કે ટીવી, વોશીંગ મશીન, રસોડા માટે હોમ એપ્લાન્સીસ, વાસણો સહિત ૬૦ ઉત્તમ પ્રકારની ચીજ વસ્તુઓ દાતાઓનાં સહયોગ મેળવી દરેક ૧૪ કન્યાઓને કન્યાદાનમાં આપવામાં આવી હતી. આ તકે દાતાઓ દ્વારા સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશનના એક એક ટ્રસ્ટીઓ અને સ્વયંસેવકોની પીઠ થાબડીને કહયું કે આવતા વર્ષે ૫૧ નવદંપતિઓ સમુહ વિવાહમાં જોડાય તેવું આયોજન કરો, ખર્ચની કોઈ ચિંતા કરશો નહી..!

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢનાં આંગણે ગિરીવર ગિરનાર તિર્થભૂમિમાં માઘ પૂર્ણિમાનાં પવિત્ર દિવસે પૂર્ણ કળાએ ચંદ્રમાએ દર્શન દીધા ત્યારે પ્રકૃતિધામ ખાતે સમસ્ત સિન્ધી સમાજ ઉમંગભેર ઉપસ્થિત રહી ૧૪ યુગલોને પ્રસન્ન દાંપત્ય જીવન માટે અંતરથી આર્શિવાદ આપ્યા હતાં.

ગિરીવર ગિરનારની ગોદમાં પ્રકૃતિધામ ખાતે ઉભા કરેલ લગ્ન મંડપમાં સિન્ધુ સંસ્કૃતિ અનુસાર જાનૈયા અને માંડવીયા એવા સિન્ધી પરીવારોનો સામાજીક મેળાવડો યોજાયો હતો.

દ્રિતિય સમુહ વિવાહનાં આયોજક સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશનનાં પ્રમુખ સુનિલ નાવાણીના નેતૃત્વમાં કિશોર અજવાણી, ગીરીશ કાંજાણી સહિત યુવા કાર્યકર્તાઓની છેલ્લા એક મહીનાની મહેનત રંગ લાવી હતી. પ્રકૃતિધામ પરીસર શનિવારે જાણે સિન્ધી સમાજનો પારિવારીક મેળો હોય તેમ આખુ જૂનાગઢ હરખભેર ઉમટયું હતું. ૧૪ નવ યુગલોનાં પરીવારોને રહેવા જમવાની પૂર્ણ સુવિધા આપવા ઉપરાંત પ્રકૃતિધામ હોટેલ મંગલમના આધુનિક રૂમો જાનૈયા-માંડવીયા માટે ફાળવી સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશને જાણે પોતાના ઘરે આ પાવન પરીણયનો ઉત્સવ ઉજવાતો હોય તેવી આગતા સ્વાગતા અને વ્યવસ્થા ઉપલબ્ધ બનાવી હતી.

સિન્ધી ભાષાનાં લગ્ન ગીતો, શરણાઈના શૂરો અને ઢોલનાં નાદ સાથે શનિવારે વરરાજાનું સામૈયું થયું ત્યારે એક-એક સિન્ધી માડુ નાચી ઉઠયા હતા. નિવૃત શિક્ષક અને વેદોકત મંત્રોચ્ચાર સાથે જય શર્મા મહારાજ અને તેમનાં ૧૬ મહારાજોની ટીમે મંડપ મધ્યે વર કન્યાનો ઐકોત્સવ ઉજવ્યો ત્યારે જય ઝુલેલાલનો નાદ ગુંજી ઉઠયો હતો. આ તકે ખાસ ઉપસ્થિત રહેલા સાંઈ શહેરાવાલેજી ગુરૂમાંના આર્શિવાદ લેવા સમસ્ત સિન્ધી સમાજ સ્વયંશિસ્તમાં કલાકો સુધી ઉભા રહયા હતાં. ગુરૂમાં પણ એક-એક ભાવિક સાથે નજર મિલાવી સ્નેહપૂર્વક આર્શિવાદ આપી રહયા હતાં. આ પછી તેઓએ સ્વયં ૧૪ યુગલોના લગ્ન મંડપમાં ગયા ત્યારે સાંસારીક જીવનમાં ડગ માંડનાર નવ દંપતિઓએ જયારે ગુરૂમાંના આર્શિવાદ લીધા ત્યારે અને કન્યા વિદાય વખતે મંગલ કરૂણ દ્રશ્યો સર્જાયા હતાં. સમુહ વિવાહમાં જ્ઞાતિ ગંગા ઉમટી પડી હતી. આ ઐતિહાસીક ક્ષણનાં સાક્ષી બન્યા ત્યારે સિન્ધી સમાજનાં કુળદેવી માં હિંગળાજ, ઈષ્ટદેવ પૂ. ઝુલેલાલ જાણે ગિરનાર પર્વત પાછળથી આકાશમાં ઉતરી આવેલા દિવ્ય શિત ચંદ્રમાનાં રૂપમાં સર્વે ભાવિકોને આર્શિવાદ આપતા હોય તેવો ભાવ ખડો થયો હતો.

સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશનને દિનેશભાઈ કિશનચંદ ચાંદવાણી પરીવાર (રાણાવાવ)નો સવિશેષ આભાર વ્યકત કરી આ કાર્યમાં નાનો મોટો સહયોગ આપનારા દરેક દાતાઓ પ્રત્યે ઋણ સ્વીકાર જાહેર કરી ફાઉન્ડેશનનાં પ્રમુખ સુનિલ નાવાણીએ જાહેર કર્યુ હતું કે આગામી તૃતિય સમુહ વિવાહમાં સાધન સંપન્ન પરીવારોનાં દિકરા-દિકરીઓને જોડી સામાજીક ઉત્કર્ષનાં આ યજ્ઞમાં કોઈ ગરીબ નહી, કોઈ તવંગર નહી, પણ આ વિવાહ સમગ્ર સિન્ધુ પરીવારનો બની રહે તેવી મહેચ્છા વ્યકત કરી ઉપસ્થિત જ્ઞાતિગંગાના વડીલો, માતાઓ, ગુરૂમાં, સંતો અને જૂનાગઢનાં સમાજશ્રેષ્ઠીઓ પ્રત્યે કૃતજ્ઞભાવ વ્યકત કર્યો હતો.

# ગાયત્રી મંદિર ખાતે શક્તિ પરિવારના ઐતિહાસિક તૃતિય સમુહલગ્ન યોજાયા





જૂનાગઢ તા.૨૮

જૂનાગઢમાં ગાયત્રી મંદિર ખાતે શક્તિ પરિવાર દ્વારા તૃતિય સમુહ લગ્ન યોજાયા હતા. ગાયત્રી શક્તિપીઠના મેને.ટ્રસ્ટી નાગભાઈ વાળા સાથેની લગ્ન બાદની મુલાકાત દરમ્યાન નાગભાઈ વાળાએ જણાવેલ ગાયત્રી મંદિરના ભૂતકાળના ઈતિહાસ માં ક્યારેય શક્તિ પરિવર જેવા શિસ્તબંધ અને ભવ્યતિભવ્ય લગ્ન યોજાયેલ નથી. આ સમુહલગ્ન ના મુખ્ય આચાર્ય પદે ૧૪૦ કથા જેમણે કરી છે એવા મોટીમોનપરી વાળા શાસ્ત્રી શ્રી રવિદાદ એ પદ શોભાવેલ, આ કાર્યક્મ નું સમગ્ર સંચાલન દિલુદીનભાઈ ગઢવી દ્વારા કરવામાં આવેલ. આ સમુહલગ્ન આશરે ૨૦૦૦ માણસોએ માં ગાયત્રીના સાનિધ્યમાં માણ્યા હતા.

સમુહલગ્ન દરમિયાન મુખ્ય મેહમાન ભારતીય જનતા પાર્ટી યુવા મોર્ચા ગુજરાત પ્રદેશ ના અધ્યક્ષ પ્રશાંતભાઈ કોરાટ ખાસ ઉપસ્થિત રહેલ તેમના દ્વારા શાબ્દિક પ્રવચન કરવામાં આવેલ, આ કાર્યક્રમમાં બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ કે.ડી.પંડ્યા, અમુભાઈ પાનસુરીયા બ્રહ્મસમાજ પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી, બટુકબાપુ, સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટના સ્થાપક જયદેવભાઈ જોષી, ભવનાથ પી.એસ.આઈ. જાડેજા, હરેશભાઈ ગાગીયા, ધવલભાઈ પટેલીયા, ગૌરવભાઈ રૂપારેલિયા, જીતુભાઈ પંડ્યા, કનકબેન વ્યાસ, ડો.ધાર્મિષ્ઠબેન ઉપાધ્યાય, સોનલબેન પનારા વગેરે દ્વારા દીકરીઓને આશીર્વચન રૂપે આશિર્વદસભા યોજવામાં આવેલ. તૃતિય સમુહલગ્ન પ્રસંગે દાતાઓના સહયોગથી દીકરીઓને ઘરવખરીની ૯૦ કરિયાવરની વસ્તુઓ આપવામાં આવેલ હતી. વર-કન્યા તથા તેના પરિવાર જનો ને સમુહલગ્ન દરમ્યાન કોઈપણ પ્રકારની અગવડતા ના પડે તેની ખાસ તકેદારી શક્તિ પરિવારના સદસ્યો દ્વારા રાખવામાં આવેલ હતી. આ ભવ્ય સમુહલગ્ન પૂર્ણ કરવા પાછળ શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટના રાજુભાઈ વ્યાસ, કિશોરભાઈ ખંભોળિયા, પરેશભાઈ પરમાર, જીતુભાઈ વસાણી, અનિલભાઈ સૂબા, કિશોરભાઈ જાની, યોગેશભાઈ જોષી, મિત્તલભાઈ મજેઠીયા, નિશીથભાઈ રાવલ, હરેશભાઈ ઠાકર, હરેશભાઈ પુરોહિત, વરદભાઈ પંડ્યા તથા સંસ્થા ની શક્તિરૂપેણ બેહનો નયનાબેન પારેખ, હીનાબેન જાની, કિરણબેન સૂબા, રેખાબેન આહીર, માલતીબેન ઉપાધ્યાય તથા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ ના તમામ સદસ્યોએ ભારે જેહમત ઉઠાવેલ તેમ આશિષભાઈ રાવલની એક યાદીમાં જણાવાયું છે.

# ગોરખમઢી ખાતે આવેલ શ્રી સરસ્વતી વિદ્યામંદિર હાઈસ્કુલમાં 'જળ એ જ જીવન' વિષય ઉપર વર્કશોપ તથા સેમિનાર યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૮

ગીર ફાઉન્ડેશનના એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ હેઠળ ભાવેશભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ગોરખમઢીની શ્રી સરસ્વતી વિદ્યામંદિર હાઈસ્કૂલ ખાતે તા.૨૪-૨-૨૦૨૪ શનિવારે 'જળ એ જ જીવન' વિષય ઉપર આધારિત એકદિવસીય વર્કશોપ તથા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ વકતૃત્વ, ચિત્ર સ્પર્ધા તથા પરિસંવાદમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત, વિદ્યાર્થીઓએ એક એક વૃક્ષને દત્તક લઈને તેની કાયમી સારસંભાળ કરવાની જવાબદારી સ્વૈચ્છિક રીતે ઉઠાવવાનું નક્કી કર્યું હતું. કાર્યક્રમના અતિથિવિશેષ તરીકે ગોરખમઢી ગામના ડો. ચિરાગભાઈ વાજાએ હાજરી આપીને પાણીનો બગાડ અટકાવવાના ઉપયોગો, જળ પ્રદૂષણ નિવારણ, વરસાદી પાણીનો સંગ્રહ તથા સ્થાનિક જળસ્ત્રોતોની કાળજી અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને અલ્પાહાર, નોટબુક-પેન તેમજ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં. આ પ્રસંગે શ્રી ગોરક્ષનાથ કેળવણી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, આચાર્ય તથા સુપરવાઈઝર વગેરેએ હાજર રહીને વિદ્યાર્થીઓનું દિશાસૂચન કર્યું હતું. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# સુદર્શન સેતુ (બેટ દ્વારકા) ઉપર શ્રી ભડકેશ્વર યોગ ગૃપની દોડ




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૮

દ્વારકાના શ્રી ભડકેશ્વર યોગ ગૃપના ચેતનભાઈ જીંદાણી, વૈભવ જટણીયા, આનંદ ભટ્ટ, જામનગરના ગેસ્ટ મેમ્બર વિજયભાઈ વોરાએ ઓખાથી બેટ દ્વારકા સુદર્શન સેતુ ઉપર ત્રણ કિલોમીટર દોડી બેટ દ્વારકા પહોંચ્યા હતા.

ફિટનેશનું ઉતમ ઉદાહરણ પુરૂ પાડયું હતું. આજ ઓખા-બેટદ્વારકા "સુદર્શન સેતુ" ઉપર શ્રી ભડકેશ્વર યોગ ગૃપના સભ્યોએ સુંદર બ્રીજ નિહાળ્યો હતો તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસના કાર્યોના ભરપુર વખાણ્યા હતા.

# પુર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈની ર૯મી ફેબ્રુઆરીએ ૩૩મી જન્મજયંતિ

## સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમાર વાગોળે છે : તત્કાલીન સોમનાથ ટ્રસ્ટ અધ્ય(૧૯૬૬ થી ૧૯૯૫) મોરારજી દેસાઈ સાથેની રસપ્રદ વાતો...






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

ભારતના પુર્વ વડાપ્રધાન અને વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મંદિર ટ્રસ્ટના તત્કાલીન અધ્યક્ષ મોરારજી દેસાઈ સાથેના સંસ્મરણો વાગોળતા સોમનાથ ટ્રસ્ટ ટ્રસ્ટી જે.ડી. પરમાર કહે છે કે, મોરારજીભાઈ દેસાઈ જયારે ભારતના વડાપ્રધાન હતા ત્યારે હું ટ્રસટી ઉપરાંત સોમનાથ ટ્રસ્ટનો સેક્રેટરી પણ હતો. ૧૯૮૦માં ટપાલ ટિકીટ લેવા ચોમાસાને કારણે લેવા ન જવાણું એટલે મેં કવર ઉપર ઓફિસમાં પડેલી પોસ્ટ ટિકીટ ૨૦ પૈસાવાળી લગાવી કવર મોકલ્યું ત્યારે કવર ઉપર દસ પૈસાની ટિકીટ લગાડવાનો નિયમ હતો. વળતી ટપાલે મોરારજી દેસાઈએ મને પોષ્ટકાર્ડ લખ્યું અને તેમાં પહેલી લાઈન હતી તમારો પત્ર મળ્યો તેના કવર ઉપર તમે ૨૦ પૈસાની ટિકીટ લગાડી છે જેથી ૧૦ પૈસા ગેરવલ્લે થયા, ફરી આવું ન થવું જોઈએ. આમ કાળજી, કરકસર અને આર્થિક નાણા વેડફાય નહી તેવો તેનો સ્વભાવ અભિગમ હતો. દિલ્હીમાં તેમના નિવાસ સ્થાને ટ્રસ્ટની મીટીંગ યોજાઈ હતી. ટ્રસ્ટીઓએ બેઠક લઈ લીધી હતી. હું માત્ર એક જ મીનીટ મીટીંગ ખંડમાં દાખલ થયો એટલે તરત મોરારજી દેસાઈએ મારી સામે જોઈ પોતાની ઘડીયાળ સામે જોયું. હું સમજી ગયો કે આ આંખથી અપાયેલો મને ઠપકો હતો અને મેં પણ મારી ઘડીયાળ સામે જોઈ નતઃમસ્તક બેઠક લીધી. આમ સમય પાલનમાં કેટલી ચીવટ રાખતા હતા તે શીખવા જેવું હતું. સોમનાથ વીઝીટ વખતે તેણે સોમનાથ ટ્રસ્ટના પ્રાચીન મંદિર જવા ઈચ્છા વ્યકત કરી સલામતી અધિકારીઓ બનશે. કારણ કે ત્યાં બેઠી પુલ છે તેના ઉપર પુરના પાણી વહેતાં હોય છે. મોરારજી દેસાઈએ તરત કહ્યું, નક્કી કરેલી વાતનું પાલન થવું જ જોઈએ, આપણે ત્યાં જઈએ જ એવો દ્રઢ સંકલ્પ દોહરાવ્યો પણ કાર્યક્રમ તો રદ ન જ કર્યો અને બેઠા પુલના પાણીના પ્રવાહમાં ઉતર્યા અને પ્રાચીના મંદિરો જોયા. તે સમયમાં તેણે સોમનાથના ભોજનાલયની મુલાકાત લીધેલી ત્યારે તેને સેક્રેટરી, ટ્રસ્ટી તરીકે મને પુછયું થાળીનો ખર્ચ કેટલો થાય છે. તે સમયે એક થાળીનો ખર્ચ અઢી રૂપીયા લેવાતા જયારે બજારમાં સાડા ત્રણ રૂપીયા હતા. આમ એક રૂપીયાનો ભાવ ફેર હતો. મોરારજી દેસાઈએ કીધું કે, હજુ કેમ ઘટી ન શકે ત્યારે મેં કીધું કે તેઓને લાઈટ, પાણી અને નોકરો તથા અન્ય ખર્ચાઓ પણ ભોગવવા પડે છે. જે વાત તેમણે સ્વીકારી પણ વાતનો સાર એ છે કે તમામ બાબતોની તેઓ ચિંતા કરતા. મોરારજી દેસાઈ સોમનાથ વિઝીટે હતા તે સમયે સોમનાથ આવેલ ઉદ્યોગપતિઓના જુથે તેને મળવા ઈચ્છા વ્યકત કરી. મેં સેક્રેટરી તરીકે તે વાત તેને પહોંચાડી ત્યારે તેનો જવાબ હતો હું કોઈ વેપી, કારખાનેદાર કે ઉદ્યોગપતિને મળતો નથી માટે ના કહી દયો. આ જવાબ ઉદ્યોગપતિઓને પહોંચાડયો તો તેઓ કહે કંઈ વાંધો નહી, અમને ખાલી રૂબરૂ જ થાવ, ચર્ચા નહી કરીયે. ત્યારે મોરારજીભાઈએ જણાવ્યું કે, હું સીડી ઉપરથી નીચે ઉતરૂ છું અને ઉદ્યોગપતિઓએ તેમને વંદન સાથ માત્ર રૂબરૂ જોયા. આમ પોતાનો નિયમ પાળ્યો.

# તળાજાના સમૂહ લગ્નમાં ચારણ ગઢવી સમાજ વિશે વાણી વિલાસ કરતા ગીગા ભમ્મર સામે ખંભાળિયા પોલીસ મથકમાં ગુનો નોંધાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ગત તારીખ ૧૪ ફેબ્રુઆરીના રોજ તળાજા ખાતે યોજાયેલા એક સમૂહ લગ્ન પ્રસંગમાં ગીગા ભમ્મર નામના શખ્સ દ્વારા જાહેર મંચ ઉપર તેના વકતવ્યમાં બેફામ વાણી - વિલાસ કરી, અને ચારણ ગઢવી સમાજ વિશે એલફેલ શબ્દો કહેવા અંગેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ખંભાળિયામાં પણ યોજવામાં આવેલા રેલી તથા આવેદનપત્રના કાર્યક્રમને અનુલક્ષીને ખંભાળિયા પોલીસ મથકમાં ગીગા ભમ્મર સામે ચોક્કસ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# માંગરોળના એનડીપીએસના ગુનામાં ફરાર આરોપીનો રાજસ્થાનથી કબજો લેવાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

માંગરોળના એનડીપીએસના એક ગુનામાં નાસતા ફરતા રાજસ્થાનના એક શખ્સને જૂનાગઢ એસઓજીએ અંતે રાજસ્થાન પોલીસ પાસેથી કબજ મેળવીને ધરપકડ કરી છે. માંગરોળમાં વર્ષ ૨૦૨૩માં એનડીપીએસનો એક ગુનો દાખલ થયો હતો જે કેસમાં રાજસ્થાનનો પ્રતાપગઢનો ભયુખાન મીર અફઝલખાન પઠાણ નામનો શખ્સ તે કેસમાં ફરાર હતો અને જૂનાગઢ એસઓજીને બાતમી મળી હતી કે, આ આરોપી હાલ રાજસ્થાનના અરનોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફાયરીંગ કેસ નોંધાયો છે અને તેને ઈજા થતા તે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો તેને અંગે જેલ હવાલે કરવામાં આવ્યા બાદ જૂનાગઢ એસઓજી પીએસઆઈ એસ.એ. સોલંકી સહિતના સ્ટાફે તેનો કબજો મેળવીને માંગરોળમાં ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ૩૮માં સમુહ લગ્નોત્સવ યોજાયા






જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢની સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા આયોજીત ૩૮માં સમૂહ લગ્નોત્સવમાં ૨૫ દીકરીઓને ભાવભરી વિદાય સાથે કન્યા વિદાયનો પ્રેરક પ્રસંગ યોજવામાં આવ્યો હતો. સ્ત્રીભ્રૂણ હત્યા નહીં કરવાનો સંકલ્પ પણ લેવડાવ્યો અને સાથે સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરેલ જેમાં ૫૧૦૦ સીસી રક્ત એકઠું થયું, વિશેષમાં મહિલાઓને સ્તન કેન્સર અંગેની જાગૃતિ ત્થા બેટી બચાવો અભિયાનના ભાગરૂપ શપથ લેવડાવ્યા હતા. સેવાકીય ક્ષેત્રે ખૂબ જ સારી નામના પ્રાપ્ત કરનાર અને છેલ્લા ચાર દાયકાથી જેની સેવાની અખંડ જયોત પ્રજ્વલિત છે, તેમાં સમાજના જરૂરિયાતમંદ લોકોને સાચા અર્થમાં મદદ કરી આપવાનો સંકલ્પ અને ભાવ છે તેવા સત્યમ સેવા યુવક મંડળ - જૂનાગઢ દ્વારા ૩૮માં સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા અને તેની સમગ્ર ટીમ દ્વારા ભવનાથ - સનાતન હિન્દુ ધર્મશાળા મા કરવામાં આવેલ હતું. ખૂબ જ આયોજનબધ રીતે ઉતારા, લગ્નમંડપ- લગ્નવિધિ, જમણવાર અને આમંત્રિત દાતાઓ અને શ્રેષ્ઠિઓનું સન્માન સમારોહનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. આ સંસ્થાના નેજા હેઠળ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર કચ્છ-કાઠિયાવાડ અને ગુજરાત તેમજ વિદેશમાંથી પણ દાતાઓએ દાનની સરવાણી વહાવી આ સંસ્થાના કાર્યકર્તાઓ ઉપર જે વિશ્વાસ મૂક્યો છે એ વિશ્વાસને આ સંસ્થા દ્વારા પૂર્ણપણે ચરિતાર્થ કરવામાં આવેલ છે.આ સમૂહ લગ્નમાં દીકરીઓને ભરપેટે કરિયાવર આપવામાં આવેલ જેમાં બે ગ્રામ સોનાનું મંગલસૂત્ર, સોનાના દાણા, વુડન કબાટ, ડ્રેસીંગ ટેબલ, ડબલબેડ સેટીપલંગ, બે નંગ ખુરશી, ટીપોઈ, ત્રણ બર્નલ ગેસ્ટ સ્ટવ, ચાંદીના સાંકળા, ચાંદીના સિક્કા, કીમતી ઘરચોળા અને પાનેતર વગેરે જેવી ૧૫૧ જેટલી વસ્તુઓ દિકરીઓને કરિયાવરમાં આપી ને રાજી કરવામાં આવી હતી. આ પ્રસંગમાં દીકરીઓને આશીર્વાદ આપવા માટે સંત તનસુખગીરીબાપુ, લાલજી મહારાજ તથા મનોહર દાસબાપુ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના મુખ્ય મહેમાન ડીવાયએસપી કોડીયાતર તથા પીઆઈ રાઠોડને સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયંતીભાઈ વઘાસિયા, ભરતભાઈ લાખાણી, જયદેવભાઈ જોશી, નાગભાઈ વાળા, પરાગભાઈ કોઠારી, કે.ડી.પંડ્યા, હસુભાઈ જોશી, ડો.સંજયભાઈ કુબાવત, દાદુભાઈ કનારા, મુકેશભાઈ રાજપરા, કાળુભાઈ સુખવાણી, કિશોરભાઈ અજવાણી, હરસુખભાઈ વઘાસિયા, અભયભાઈ ચોકસી, ગીરીશભાઈ મશરૂ, યોગીભાઈ પઢીયાર, અશોકભાઈ ભટ્ટ, વિજયભાઈ કિકાણી, ડો.પાર્થ ગણાત્રા, મુકેશભાઈ મહેતા, રમેશભાઈ બાવળીયા, બટુકભાઈ મકવાણા, જીતુભાઈ પંડ્યા, શ્રી નલીનભાઈ આચાર્ય, યાકીબભાઈ મેમણ, અમુભાઈ પાનસુરીયા, સમીરભાઈ રાજાણી, મગનભાઈ બોરીચાગર, પાર્થભાઈ પરમાર, સમીરભાઈ દતાણી, સુનીલભાઈ નાવાણી, ધર્મેન્દ્રભાઈ રાજાણી, અમિતભાઈ ચરડવા, જયકિશનભાઈ દેવાણી, ગૌરાંગભાઈ રૂપારેલીયા, નવનીતભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહી દિકરીઓને આશિર્વાદ આપ્યા હતા.

આ લગ્ન ઉત્સવમાં જૂનાગઢની બહારના શહેરોમાં સેવાકીય કાર્ય કરતી સંસ્થાઓને પણ આમંત્રિત કરી હતી જેમાં જોશીબાપા, હરીશભાઈ મણિયાર, લાલજીભાઈ રાઠોડ, મનહરદાસબાપુ નિમાવત, માધાભાઈ પારધી, ઈલ્યાસભાઈ ભારમલ, લાભુબેન ગોંડલીયા, શ્રી બાબુભાઈ લાઠીયા, અશ્વિનભાઈ ઉપાધ્યાયનું સન્માન સન્માનપત્ર સાથે મોમેન્ટો આપીને કરવામાં આવ્યું હતું. ઉપરાંત મહિલા અગ્રણીઓ જ્યોતિબેન કેશવાલા, મધુબેન કણસાગરા, નયનાબેન વઘાસિયા, રશ્મિબેન વિઠલાણી, શિલ્પાબેન આદેશણા, નીમાબેન પરસાણીયા, શિલ્પાબેન રામ, ચેતનાબેન પંડ્યા, વર્ષાબેન કરંગીયા, વર્ષાબેન બોરીચાગર, શારદાબેન ગાજીપરા, ભારતીબેન ઠાકોર, મૃદુલાબેન બાણગોરિયા, ચેતનાબેન મિશ્રાણી, પ્રવિણાબેન વાઘેલા, સાબીરાબેન શેખ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ભવનાથ સ્થિત દાદુભાઈ કનારા દ્વારા સંચાલિત મિનરાજ શૈક્ષણિક સંકુલના વિધાર્થીઓ દ્વારા અજોડ સેવા આપવામાં આવી હતી.

આ લગ્ન ઉત્સવ ને રંગે ચંગે પરિપૂર્ણ કરી સફળ બનાવવા માટે સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢના પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, દેવીદાસભાઈ નેણસાણી, શાંતાબેન બેસ, ઠાકરશીભાઈ વાઘેલા, મનીષભાઈ લોઢિયા, અલ્પેશભાઈ પરમાર, બટુકબાપુ, મુકેશગીરી મેઘનાથી, તથા સેવાભાવિ શ્રી કે એસ પરમાર, કે .કે. ગોસાઈ, મનહરસિંહ ઝાલા, પ્રવીણભાઈ જોશી, પરેશભાઈ બાટવીયા, રેવતુભા જાડેજા, મુળુભાઈ જોગલ, મનોજભાઈ રાજા, મનોજભાઈ સાવલિયા, મુકેશભાઈ પાંડવ, રણછોડભાઈ ગોરફાડ, કેતનભાઈ નાંઢા, કમલેશભાઈ ટાંક વગેરે દ્વારા જાહેર મત ઉઠાવવામાં આવેલ હતી. આ લગ્ન ઉત્સવના કાર્યક્રમનું સફળ સંચાલન કમલેશભાઈ પંડ્યા તથા ચંપકભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ સંગ્રહાલયમાં મહાશિવરાત્રિ તથા મહિલા દિન નિમિત્તે વિવિધ સ્પર્ધાનું આયોજન કરાયું




જૂનાગઢ, તા.૨૮

આગામી મહાશિવરાત્રિ તથા મહિલા દિન નિમિત્તે પુરાતત્વ નિયામક અને સંગ્રહાલય વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જૂનાગઢ મ્યુઝિયમ જૂનાગઢ દ્વારા 'અર્ધનારીશ્વર' નામથી વિવિધ સ્પર્ધાનુ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત તા.૩જી માર્ચના સવારે ૧૦ થી ૧ દરમ્યાન સંગ્હાલય પરિસર, તાજ મંજીલ, ઓપેરા હાઉસમાં ભગવાન શિવજીને સંબંધિત વિવિધ પ્રતીક સુશોભન સ્થળ ઉપર બનાવી નેસંગ્રહાલય દ્વારા આપનાર ડિસ્પ્લે બોર્ડ ઉપર પ્રદર્શિત કરવાના રહેશે. આ ઉપરાંત શિવ અને પાર્વતી ને સંબંધિત ચિત્ર સ્પર્ધા નું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ બન્ને સ્પર્ધાઓ ૮ થી ૧૮ તથા ૧૮ થી ઉપર ના એમ બે વર્ગની વની વ્યક્તિઓ માટે બે ભાગમાં યોજાશે. આ ઉપરાંત સંગ્રહાલય દ્વારા એક વિશેષ તસવીર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા જૂનાગઢ ના મહાશિવરાત્રિ ના મેળા તેની શોભા યાત્રા, મૃગીકુંડનું સ્નાન વગેરે સંબંધિત રહેશે. તસ્વીરો ૧૦ મી માર્ચ સુધી પહોંચાડવાની રહેશે. ઉપર્યુક્ત ત્રણે સ્પર્ધા માટેની વિગતો તથા નિયમો અને રજીસ્ટ્રેશન માટે ૮૩૨૦૦ ૮૨૭૪૨નો સંપર્ક કરવા સંગ્રહાલયનાં ક્યૂરેટર ડો. શેફાલિકા અવસ્થીની યાદીમા જણાવવામાં આવ્યું છે.


# ૮૫ વર્ષીય મહિલા જૂનાગઢ શહેર વિસ્તારમાં ભૂલા પડી જતાં ૧૮૧ મહિલા હેલ્પ લાઈન ટીમે પરિવાર સાથે સંપર્ક કરાવ્યો

જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ શહેર વિસ્તારમાંથી જાગૃત નાગરિક દ્વારા ફોન કરી જણાવ્યું હતું કે એક વૃદ્ધ મહિલા રસ્તા પર બેસી રડી રહ્યા છે. અને કઈ જ બોલતા નથી. જેના પગલે ૧૮૧ મહીલા હેલ્પ લાઈન ટીમના ફરજ પરના કાઉન્સેલર અરુણાબેન કોલડીયા તથા મહિલા પોલીસ કાજલબેન ડોડીયા સહિતની ટીમ સ્થળ ઉપર પહોંચી વૃદ્ધાને મળ્યા હતા. તેઓ ખુબ જ ગભરાય ગયા હોય જેથી કાઉંસેલિંગ કરી મેન્ટલી સપોર્ટ આપ્યો હતો. તેમની વાતચીત ઉપરથી જાણવા મળ્યું હતું કે, વૃદ્ધાની ઉંમર ૮૦ વર્ષ ઉપર હોય તે રસ્તો ભૂલી ગયા હતા. અને ઘરનું સરનામું તેમને યાદ આવતું ન હતું. જેથી કાઉંસેલિંગ કરી થોડી વિગત મેળવી આસપાસના વિસ્તારમાં તપાસ કરતા પણ ત્યાં કોઈ જાણતું ન હોય જેથી તેમના સમાજના આગેવાનને મળી સોશ્યલ મીડિયા ગ્રુપમાં વિગત આપી હતી. ત્યાર પછી વૃદ્ધાને આશ્રય માટે સમાજ સુરક્ષા કચેરીનો સંપર્ક કરી તેમના સંકલનથી કોર્પોરેશન દ્વારા કાર્યરત ઘરવિહોણા માટેના આશ્રયગૃહ માં લઈ જવામાં આવ્યા હતા. બાદમાં તેમના પરિવાર સાથે સંપર્ક થતાં વાત કરી અને જણાવેલ કે વૃદ્ધાને તેમની દીકરીના ઘરે ખબર પૂછવા માટે બપોરથી જાણ બહાર નીકળી ગયા હતા. અને ઉંમરના કારણે રસ્તો ભુલી જતાં દૂર રોડ સુધી પહોંચી જતા બીજા વિસ્તારમાં પહોચી ગયા હતા.

# અદાણી ગ્રૂપ અને ઉબેરનું જોડાણ દેશમાં EV ક્ષેત્રે ક્રાંતિ સર્જી શકે

## ઝીરો એમીશન, રોજગારી સર્જન અને 'સુપર એપ' થીસીમલેસ સેવાઓ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૮

અદાણીજૂથના ચેરમેન ગૌતમ અદાણી અને કેબ બુકિંગ એપ કંપની ઉબેરના સીઈઓ દારા ખોસરોશાહી વચ્ચેની બેઠક બાદ માર્કેટમાં ચર્ચાઓનું બજાર ગરમ છે. તાજેતરમાં થયેલી આ ખાસ મુલાકાતબાદબંને કંપનીઓએ સાથે મળીને કામ કરવાના સંકેત આપ્યા છે. બંને ઉદ્યોગ નેતાઓએ ભારતના વિકાસ અને વિઝન પર ચર્ચાઓ કરી દેશમાં EV ટ્રાન્ઝિશનને વેગ આપવા મોબિલિટી સર્વિસ પ્રોવાઈડર બનવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

અદાણી ગ્રૂપે ઈ-બસના કાફલાઓમાં બીડ કરીને ઈલેક્ટ્રિક માસ મોબિલિટી સેગમેન્ટમાં પ્રવેશ કર્યો છે. ઉબેર સાથેનું જોડાણ અદાણી ગ્રૂપના રિન્યુએબલ એનર્જી પુશ સાથે સારી રીતે બંધબેસે છે. તે સમગ્ર ભારતમાં ચાર્જિંગ સ્ટેશનનું નેટવર્ક ઊભું કરી ઈફ ફ્લીટને ગ્રીન એનર્જી સાથે પાવરિંગ લૂપને પૂર્ણ કરે છે. આ ભાગીદારીથી ભારતમાં ઈલેક્ટ્રિક ફોર-વ્હીલરને અપનાવવાની ક્ષમતા વધી જશે, કારણ કે ઉત્પાદકો આર્થિક રીતે સધ્ધર બનવા મોટા પાયે વ્યાપારી એપ્લિકેશનો શોધી રહ્યા છે. ઉબેર માટે તે વિશ્વની સૌથી મોટી ઈફ ફ્લીટ ભાગીદારીમાંની એક બની શકે છે.

અદાણી જૂથ આગામી ૧૦ વર્ષમાં ભારતના ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશનમાં $૧૦૦ બિલિયનનું રોકાણ કરવા પ્રતિબદ્ધ છે અને ૨૦૨૭ સુધીમાં ૧૦ ગીગાવોટ સુધીની સૌર ઉત્પાદન ક્ષમતા વધારવાની યોજના ધરાવે છે. તો ઉબેર૨૦૪૦ પહેલા શૂન્ય-ઉત્સર્જન ગતિશીલતા પ્લેટફોર્મ બનવાની તેની પ્રતિબદ્ધતાને અનુસરતાભારત સહિત વિશ્વભરમાં EV વાહનોના કાફલા સાથે ઉતરવાનું વિચારી રહ્યું છે. ઉબેરની ઈકો-ફ્રેન્ડલી EV સેવા (ઉબેર ગ્રીન) દિલ્હીમાં પહેલેથી જ ઉપલબ્ધ છે.

ઉબર સાથે ભાગીદારીનું પગલું અદાણી ગ્રુપને આગામી દસ વર્ષમાં એનર્જી ટ્રાન્ઝિશન સહિતના ઉદ્યોગોમાં $૧૦૦ અબજનું રોકાણ કરવાની યોજનામાં મદદરૂપ સાબિત થશે.બસ, કોચ અને ટ્રક જેવા ઈલેક્ટ્રિક કોમર્શિયલ વાહનોમાં ધરાવતું અદાણી જૂથ આગામી સમયમાં ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોમાં પ્રવેશ કરવાની યોજના ધરાવે છે.વળી મોટા પાયેઈફજ અપનાવવાથી મોટી સંખ્યામાં નોકરીઓનું સર્જન થઈ શકે છે. ડ્રાઈવર ઉદ્યોગસાહસિકો માટે પણ તે રોજગારીનું નવુ પ્લેટફોર્મ પૂરૂ પાડશે. જેના કારણે ભારતમાં અર્થતંત્રને પણ મોટુંપુશ મળશે.

અદાણી ગ્રૂપ સમગ્ર દેશમાં અનેક એરપોર્ટ્સનું સંચાલન કરે છેઆવી ભાગીદારી સમર્પિત મોબિલિટી ઝોન સાથે સીમલેસ અનુભવ અને પ્રીમિયમ કેબ સેવાઓ સાથે હવાઈ પ્રવાસીઓ માટે કેબ અનુભવને સંપૂર્ણપણે બદલી શકે છે. અદાણી ગ્રૂપ તેની સુપર એપ છહ્વટ્વહૈંહીસેવાઓના વિસ્તરણ પર કામ કરી રહ્યું છે, ઉબેર સાથેના જોડાણથી તે ઓનલાઈન કેબ બુકિંગ, ફ્લાઈટ્સ, હોટેલ્સ, એરપોર્ટ્સ સહિત એન્ડ-ટુ-એન્ડ સીમલેસ મુસાફરી સેવાઓ પ્રદાન કરી શકે છે. ૨૦૧૩થી ભારતમાં કાર્યરત ઉબેરે અત્યાર સુધીમાં ૩ બિલિયનથી વધુ ટ્રિપ્સ પૂર્ણ કરી છે અને ૧૨૫ શહેરોમાં તેની સેવાઓ ઉપલબ્ધ છે. એટલું જ નહી, કંપનીના જણાવ્યા મુજબ ૮,૦૦,૦૦૦થી વધુ ભારતીય ડ્રાઈવર્સને ટકાઉ આવક મેળવવામાં મદદ કરી છે.

# જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી જૂનાગઢ સંચાલિત એડવેન્ચર કોર્સના શિબિરાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયા







જૂનાગઢ, તા.૨૮

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત અને જીલ્લા યુવા અને સાસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી જૂનાગઢ સંચાલિત એડવેન્ચર કોર્સ તા.૨૦/૦૨/૨૦૨૪થી તા.૨૬/૦૨/૨૦૨૪ દરમિયાન જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં કુલ ૧૦૬ જેટલા ભાઈઓ અને બહેનોએ પર્વતારોહણની ખડક ચઢાણની તાલીમ લીધી હતી. બચુભાઈ મકવાણા તલોદ, કલ્પેશ બારૈયા ભાવનગર, આશિષ કર્ણ અમદાવાદ, માર્ગી રાવલ જૂનાગઢ, શૈલેશ કામળીયા ગીર સોમનાથ, પ્રદીપકુમાર રાજસ્થાન, અંબર વિષ્ણુ માં.આબુ, વિક્રમસિંહ જાદવ માળિયા હાટીના, પરેશ રાઠોડ પાટણ, પરેશ ચૌધરી બનાશકાંઠા, દશરથ પરમાર પાટણ,એ માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી. આ શિબિર દરમ્યાન બાળકોએ ખડક ઉપર જુદી જુદી પદ્ધતિથી ચઢવું તેમજ સાધનોની મદદથી ખડક ઉપરથી નીચે ઉતરવું તથા જંગલોમાં ટ્રેકિંગ વિષે જ્ઞાન મેળવ્યું હતુ. આ ઉપરાંત વિવિધ પ્રકારના ઓપ્ટીકલ્સની તાલીમ મેળવી. તથા ગિરનારની જુદી જુદી વનસ્પતિ તેમજ પશુ-પક્ષીઓ વિષે માહિતી મેળવી હતી.

આ પૂર્ણાહુતી કાર્યક્રમના અધ્યક્ષ જલ્પાબેન કયાડા-ઈનચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી, જૂનાગઢ, ભુપતભાઈ મકવાણા-રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર દ.રેન્જ જુનાગઢ, બી.ડી. ગડચર વ્યાયામ મંડળના પ્રમુખ જૂનાગઢ, નીતાબેન વાળા-જીલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢતથા માનદ ઈન્સ્ટ્રક્ટરઓના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમનું સંચાલન તથા શાબ્દિક સ્વાગત કોર્ષ ઈન્ચાર્જ બચુભાઈ મકવાણાએ કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ જલ્પાબેન કયાડા,ઈનચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી, જૂનાગઢ દ્વારા કેમ્પના બાળકોને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, શિક્ષણનું જીવનમાં મહત્વ ખૂબ જ છે. તથા ભણતરની સાથે સાથે સાહસિક પ્રવૃતિઓમાં ભાગ લેવાથી બાળકોમાં શારીરિક તેમજ માનસિક વિકાસ થાય છે. બી.ડી. ગડચર વ્યાયામ મંડળના પ્રમુખએ બાળકોને જણાવ્યું કે આવી શિબિરોથી બાળકો પર્યાવરણ વચ્ચે રહીને પર્યાવરણને નજીકથી જાણી અને માણી શકે છે. નીતાબેન વાળા,જીલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢ એ શિબિરાર્થીઓને જણાવ્યું કે આવી પ્રવૃતિ કરવાથી સાહસિકતા તથા નેતૃત્વના ગુણોનો વિકાસ થાય છે તથા આવી સાહસિક પ્રવૃતિ કરવાથી માનસિક મનોબળ મજબુત થાય છે. અંતે આભાર વિધિ માનદ ઈન્સ્ટ્રક્ટર પ્રદીપકુમારે કરી હતી.

# યાત્રાધામ દ્વારકામાં ધારાસભ્ય પબુભા માણેકએ રેલ્વે અધિકારીઓ સાથે મંત્રણા કરી





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૮

યાત્રાધામ દ્વારકામાં દ્વારકાના રેલવે સ્ટેશન ઉપર અમૃત ભારત સ્ટેશન અંતર્ગત ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા લોકાર્પણ કાર્યક્રમમાં ધારાસભ્ય પબુભા માણેક,ભાજપ શહેર પ્રમુખ વિજય બુજડ,મેમ્બર ઓફ કોમર્સ રમણભાઈ સામાણી, સ્થાનિક વેપારી અગ્રણી મિતલ વિઠલાણી તથા રાજકોટ રેલવે ડિવિઝનના પ્રતિનિધિ અભિષેક ઉપસ્થિત રહ્યા હતા પબુભા માણેક રેલવે સ્ટેશનનું જાત નિરીક્ષણ કરી રેલવેના સંબંધિત અધિકારીઓને કર્મચારીગણ સાથે પણ ચર્ચા વિચારણા કરી હતી.

# મારવાડી યુનિવર્સિટીમાં બેઝિક્સ - અનફોલ્ડિંગ ધ PQRST!' વર્કશોપ : વિદ્યાર્થીઓને કાર્ડિયોલોજીની દુનિયા સમજવાની તક પ્રદાન થઈ





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૮

મારવાડી યુનિવર્સિટીમાં ફાર્માસ્યુટિકલ સાયન્સ વિભાગ દ્વારા આયોજિત "ECG બેઝિક્સ - અનફોલ્ડિંગ ધ PQRST!" ઉપર વર્કશોપ એક મહત્વપૂર્ણ ઈવેન્ટ હતી જેનો હેતુ આરોગ્ય વિજ્ઞાન સંબંધિત વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યોને વધારવાનો હતો. કાર્ડિયોલોજિસ્ટ ડો.નિખિલા પાચાણી (DM Cardiology, FESC, FACC, Interventional Cardiologist, બેકબોને મેડિસિટી હોસ્પિટલ, રાજકોટ) નીઉમદા હાજરી અને તેમનો વ્યાપક ક્લિનિકલ અનુભવએ કાર્યક્રમમાં ખૂબ મૂલ્યવાન વધારો થયો હતો. વર્કશોપમાં ફાર્મસી, ફિઝિયોથેરાપી, નર્સિંગ,ડીએમએલટી અને વિજ્ઞાન જેવી વિવિધ શાખાઓનું પ્રતિનિધિત્વ કરતા લગભગ ૩૭૪ વિદ્યાર્થીઓ અને ૨૫ ફેકલ્ટી સભ્યોએ સક્રિય ભાગ લીધો હતો.કાર્યક્રમના પ્રાથમિક ઉદ્દેશ્યો વિદ્યાર્થીઓને ECGની મૂળભૂત બાબતો, સામાન્ય ECG પેટર્નને ઓળખવા અને ECG દ્વારા સામાન્ય હૃદગ રોગોનું નિદાન કરવા માટેની વ્યાપક સમજ પૂરી પાડવાનો હતો. ડો. નિખિલા પાચાણીએ વર્કશોપ દરમ્યાન ECG વિભાવનાઓની વિશાળ શ્રેણી આવરી લીધી, જેમાં પ્રમાણભૂત ૧૨-લીડ ECG, વેન્ટ્રિક્યુલર રેટ, રિધમ, એક્સિસ, P, QRS, P-તરંગ, PR અંતરાલ, QRS અંતરાલ, ST-T ફેરફારો, ચેમ્બર હાઈપરટ્રોફી, ECG પર દવાઓની અસર, તીવ્ર મ્યોકાર્ડિયલ ઈન્ફાર્કશનનું મૂલ્યાંકન અને સારવારના અભિગમોનો સમાવેશ થાય છે. હેન્ડ-ઓન એક્સરસાઈઝ અને કેસ સ્ટડીએ વિદ્યાર્થીઓને ઈસીજી અર્થઘટનની ઊંડી સમજણને પ્રોત્સાહન આપતા, વાસ્તવિક સમયના સંજોગોમાં તેમના શિક્ષણને લાગુ કરવાની મંજૂરી આપી. ડો.નિખિલા પાચાણીએ પણ વિદ્યાર્થીઓના પ્રશ્નોને સંતોષકારક રીતે સંબોધિત કાર્યા. આ વર્કશોપએ માત્ર વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસમાં જ ફાળો નથી આપ્યો પણ વાસ્તવિક ક્લિનિકલ પરિસ્થિતિઓમાં લાગુ કરી શકાય તેવી આંતરદૃષ્ટિ પણ પ્રદાન કરી. ફેકલ્ટી ઓફ ફાર્મસી વતી. ડો.રાજેન્દ્રસિંહ જાડેજા - પ્રો વાઈસ ચાન્સલર, મારવાડી યુનિવર્સિટી, નરેશ જાડેજા - રજીસ્ટ્રાર, મારવાડી યુનિવર્સિટી, આચાર્ય ડો.લાલજી બલદાણીયા અને એસો. પ્રોફેસર ડો.આશિષકુમાર ક્યાડાએ ડો.નિખિલા પાચાણી અને તેમની ટીમ, ડો. દિપાલી ચાવડા અને આકાશ જૈનનો દ્વારા તેમના સમર્પિત સમય અને પ્રયત્નો માટે આભાર વ્યક્ત કર્યો હતો. તેણીના યોગદાનએ વિદ્યાર્થીઓના કૌશલ્ય વધારવામાં આવ્યું હતું.

# કેશોદના ખીરસરા ગામે તળાવ ઉંડુ થતાં ખેડૂતો બે મોસમ ખેતી કરી શકશે

## ચોમાસામાં ભારે વરસાદમાં ભરાઈ રહેતું પાણી કેનાલ દ્વારા તળાવમાં સંગ્રહ થતાં જળસ્તર ઉચું આવશે



(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૨૮

કેશોદ તાલુકામાં આવેલ ઘેડ પંથકમા પસાર થતી સાબળી નદી અને ઓઝત નદીમાં ભારે વરસાદ પડતાં ડેમના દરવાજા ખોલવામાં આવ્યા બાદ દરિયામાં ભરતીના કારણે વરસાદી પાણી ભળી ન શકતાં સમગ્ર ઘેડ પંથકમા જળબંબાકારની સ્થિતિ સામાન્ય રીતે સર્જાય છે ત્યારે ૨૭ જેટલાં ઘેડ પંથકનાં ગ્રામ્ય વિસ્તારોમાં ખીરસરા ગામનું સીમતળ ઉચું ઢોળાવ વાળું હોવાથી પાણીનાં સ્ત્રોત સિમિત હોવાના કારણે આ વિસ્તારના ખેડૂતો ચોમાસામાં એક મોસમમાં વાવેતર કરી શકતાં હોય અને ઉનાળામાં તો પીવાના પાણીની પણ સમસ્યાઓ સર્જાતા ખેડૂતો પશુપાલકો અને ગ્રામ્ય જનો હેરાન પરેશાન થતાં હોય છે. કેશોદના ખીરસરા ગામનાં યુવાન સામાજિક કાર્યકર વિજયભાઈ વિરમભાઈ મારૂએ આ સમસ્યાનો ઉકેલ લાવવા પોતાની કોઠાસુઝથી હલ શોધી પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે સંકલન કરી હિન્દુ સ્મશાન અને હાઈસ્કૂલ વચ્ચે આવેલાં જુના નાનાં તળાવને ઉડું અને પહોળું બનાવવાની સાથે નીચાણવાળા વિસ્તારોમાં ભરાઈ રહેતું વરસાદી પાણી કેનાલ મારફતે તળાવમાં સંગ્રહ થાય એવી વ્યવસ્થા કરવાનું બીડું ઝડપ્યું. ગત વર્ષે ગુજરાત રાજ્ય સરકાર ના પુર્વ મંત્રી અને કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ અને સાસંદ રમેશભાઈ ધડુકને પરિસ્થિતિથી વાકેફ કરી સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી બે વર્ષથી જહેમત ઉઠાવી બે એકર જેટલા ક્ષેત્રફળમાં ત્રણ માથોડા જેટલું ઉડું તળાવ બનાવવામાં સફળતા મેળવી છે. ખીરસરા ગ્રામ પંચાયતના પુર્વ સરપંચ જે. જે. પટેલ જુનાગઢ જીલ્લા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ વનિતાબેન મનસુખભાઈ રાઠોડ કેશોદ તાલુકા પંચાયતના પ્રમુખ માલતીબેન ભનુભાઈ ઓડેદરા સહિત સ્થાનિક આગેવાનો સામાજિક કાર્યકર વિજયભાઈ વિરમભાઈ મારૂ સાથે રહીને ગત વર્ષે અને આ વર્ષે સાસંદ રમેશભાઈ ધડુક અને ધારાસભ્ય દેવાભાઈ માલમને રજુઆત કરી સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર જે. એન. ભાટુ, સિંચાઈ પેટાવિભાગ - ૨૯ ના નાયબ કાર્યપાલક ઈજનેર એમ. જે. વઘાસીયા, સિંચાઈ યાંત્રિક વિભાગના કાર્યપાલક ઈજનેર પી. એસ. પટેલ ના હકારાત્મક અભિગમ થી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હરિયાળી ક્રાંતિના સ્વપ્નોને ચરિતાર્થ કરવા સિંચાઈ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના સહકારથી દોઢેક માસથી રાજ્ય સરકાર દ્વારા મશીનરી ફાળવવામાં આવતાં કેશોદના ખીરસરા ગામના પાદરમાં તળાવ ઉડું અને પહોળું થવાની સાથે સાથે કેનાલ મારફતે પાણી સંગ્રહ કરવાનું આયોજન પૂર્ણતાના આરે પહોંચી ગયું છે. કેશોદના ખીરસરા ગામનાં પાદરમાં તળાવ અને કેનાલ આસપાસના વિસ્તારમાં ખીરસરા ગ્રામ પંચાયત હસ્તકના ચારેક કુવાઓ આવેલ છે જેમાં પાણી ખૂટશે નહીં જેથી પીવાના પાણીની સમસ્યા હળવી બની ગઈ છે. તળાવ અને કેનાલમાં પાણી લાંબો સમય સંગ્રહ થવાથી આસપાસના સાઈઠ હેક્ટર જેટલી જમીનમાં ખેડૂતો ખરીફ પાક અને રવિ પાકની બે મોસમમાં ખેતી કરી શકશે. પશુપાલકો ને માલઢોર માટે પીવાના પાણીની અને ઘાસચારાની સમસ્યા હળવી બની જશે જેથી ખીરસરા ગામનાં રહીશો ખેડૂતો પશુપાલકો ના ચહેરા પર ખુશી વ્યાપી ગઈ છે. સાસંદ રમેશભાઈ ધડુક અને ધારાસભ્ય દેવાભાઈ માલમ દ્વારા સરકાર સમક્ષ રજુઆત કરી છેલ્લાં બે વર્ષથી મશીનરી ફાળવવામાં આવે છે ત્યારે હજુ બે વર્ષ સુધી મશીનરી ફાળવવામાં આવે તો ખીરસરા ગામનાં તળાવને ઉડું ઉતારવાનું કામ પરિણામલક્ષી સાબિત થશે તેમજ ચોમાસામાં ભરાઈ રહેતું વરસાદી પાણી રોડ રસ્તા ને ખેતરના ધોવાણથી થતાં નુકસાન મા થી મુક્ત થઈ જશે. મકકમ નિર્ધાર સાથે નૈતિકતા અને ઈમાનદારી થી નિસ્વાર્થ રીતે ગમે એવું અઘરું કાર્ય હાથમાં લઈને નીકળો તો પદાધિકારીઓ અને અધિકારીઓ સંપૂર્ણ સહકાર આપે છે એ હકીકત ખીરસરા ગામનાં સામાજિક કાર્યકર વિજયભાઈ વિરમભાઈ મારૂ એ સાબિત કરી બતાવી છે. એમનાં પ્રેરણાદાયી કાર્યોની સુવાસ થી સમગ્ર તાલુકાનાં યુવાનો ને પ્રેરણા સાથે નવી ઉર્જા મળી રહેશે.

# કેશોદમાં મોડલ ફાયર સ્ટેશનનું કામ સાત કરોડનાં ખર્ચે નગરપાલિકા દ્વારા શરૂ કરાયું



(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૨૮

કેશોદ ગુજરાતમાં કોઈપણ નાની-મોટી કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ વખતે અગ્નિશમન સેવાઓની અગત્યતા અને આવશ્યકતા ધ્યાનમાં લેતાં ગુજરાત રાજ્ય સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયની નગરપાલિકાઓમાં અત્યાધુનિક મોડેલ ફાયર સ્ટેશન નિર્માણની દિશા લીધી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ફાયર બ્રિગેડના વિભાગને સુદ્રઢ કરીને સમયાનુકુલ સાધનોથી સજ્જ કરવાનો જનહિત અભિગમ અપનાવ્યો છે. આ સંદર્ભમાં, તેમણે રાજ્યના વીસ શહેરી વિસ્તારોમાં જીલ્લા કક્ષાનું મોડેલ ફાયર સ્ટેશન બનાવવાની વહીવટી સૈદ્ધાંતિક અને તાંત્રિક મંજૂરી આપવામાં આવતાં કેશોદ નગરપાલિકા ખાતે નવું મોડલ ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી નગરપાલિકા ના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, ચીફ ઓફિસર મુકેશ વાઘેલા, ઓફિસ સુપ્રીટેન્ડન્ટ પ્રવિણભાઈ વિઠ્ઠલાણી મ્યુનિસિપલ એન્જિનિયર વિપુલભાઈ ચૌહાણ સહિત હોદેદારો પદાધિકારીઓ ની ઉપસ્થિતિમાં ખાતમુહુર્ત કરી અંદાજીત સાત કરોડના ખર્ચે શરૂ કરવામાં આવ્યું છે. કેશોદ નગરપાલિકા દ્વારા માંગરોળ રોડ પર ડીવાયએસપી કચેરી પાસે ૪૬૫૦ ચોરસ મીટર ક્ષેત્રફળમાં સુચિત મોડલ ફાયર સ્ટેશન માટે બિલ્ડીંગ, સ્ટાફ કવાટર્સ ટેક્રરૂમ, ઓવરહેડ ટેક્ર, કમ્પાઉન્ડ વોલ, સોલાર રૂફટોપ સિસ્ટમ, સીસીટીવી કેમેરા, બગીચો, લીફટ, જનરેટરસેટ,ફર્નિચર, ફાયર સેફટીના સાધનો, મોકડ્રીલ એરિયા અને બોક્ષ કલ્વર્ટ સહિત અન્ય ખર્ચ મળી કુલ રૂપિયા સાત કરોડના ખર્ચે સુવિધાસભર આધુનિક મોડેલ ફાયર સ્ટેશન બનાવવામાં આવી રહ્યું છે.

ગુજરાત રાજ્ય સરકાર ના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા મોડેલ ફાયર સ્ટેશનના નિર્માણ માટે જે વ્યૂહ અપનાવ્યો છે તે મુજબ શહેરી વિકાસ વિભાગે રાજયના ૩૨ જિલ્લાઓમાં ૩૨ નગરપાલિકાઓ ખાતે જિલ્લાના મુખ્ય ફાયર સ્ટેશન બનાવવા ૩૨ વિભાગીય કચેરીઓ નિયત કરેલી છે. તદઅનુસાર, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં જિલ્લા કક્ષાના વડામથક ખાતેની ૧૬ નગરપાલિકાઓમાં નગરપાલિકા દીઠ રૂ. ૫.૧૪ કરોડ પ્રમાણે રૂ. ૮૨.૨૪ કરોડની સૈદ્ધાંતિક અનૂમતિ મળેલી છે. એટલું જ નહિ, ૨૦૨૨-૨૩ના બજેટમાં ફાયર સ્ટેશન દીઠ રૂપિયા ૧ કરોડ પ્રમાણે રૂ. ૧૬ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કક્ષાના મોડેલ ફાયર સ્ટેશનના નિર્માણ માટે જે વ્યૂહ અપનાવ્યો છે તેનાથી જિલ્લાઓમાં ફાયર - આગની આપત્તિ સમયે તાત્કાલિક બચાવ અને રાહત કાર્યો ઝડપથી થઈ શકશે. કેશોદ નગરપાલિકા હસ્તકના જીલ્લા કક્ષાના ફાયર સ્ટેશન મા આધુનિક સાધનો અને તાલીમબદ્ધ કુશળ સ્ટાફ ની નિમણૂંક કરવામાં આવ્યાં બાદ આધુનિક વાહનો સાધનો ફાળવવામાં આવ્યાં છે જેના દ્વારા છેલ્લાં ત્રણેક વર્ષથી અતિવૃષ્ટિ પુર હોનારત તેમજ આકસ્મિક આગ લાગવાની ઘટનાઓ મા તાત્કાલિક પહોંચીને પ્રશંશનીય બચાવ કામગીરી કરવામાં આવે છે. કેશોદના માંગરોળ રોડ પર ડીવાયએસપી કચેરી પાસે નવું મોડેલ ફાયર સ્ટેશન નિર્માણ થવાથી નાની-મોટી કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ વખતે અગ્નિશમન સેવાઓ ઝડપી બની જશે.

# દ્વારકાથી બેટ દ્વારકા જવા માટે નિયમિત રૂપે એસટી બસની સેવા શરૂ

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૮

ગત રવિવારે દેવભૂમિ દ્વારકામાં આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્વારા દેશના સૌથી લાંબા કેબલ- સ્ટેડ બ્રિજ સુદર્શન સેતુનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પછી દ્વારકાથી બેટ દ્વારકા જવા માટે એસ.ટી. તંત્ર દ્વારા પણ યાત્રાળુઓની સુવિધા અર્થે બસ સેવા પણ શરૂ કરી દેવામાં આવી છે. હવે દ્વારકાથી બેટ દ્વારકા જવા માટે દર કલાકે એસ.ટી. બસ મળશે તેમ જાણવા મળ્યું છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે સુદર્શન સેતુના લોકાર્પણના ગણતરીના કલાકોમાં જ બેટ દ્વારકા જવા-આવવા માટેના ૪ રૂટોની મંજૂરી આપતા બેટ દ્વારકાના વિકાસના દ્વાર ખુલ્યા છે. આ બ્રિજ ઓખાની મુખ્ય ભૂમિ અને બેટ દ્વારકાને જોડે છે, જેથી બેટ દ્વારકા જનારા દરરોજના હજારો યાત્રિકોને આ સુવિધાનો લાભ મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અહીં છેલ્લા હજારો વર્ષોથી ફકત દરિયાઈ માર્ગે હોડી કે વહાણના માધ્યમથી વ્યકિતઓ અને માલ-સામાનનું પરીવહન થતું હતું. કોઈને તાત્કાલિક સંકટ આવી પડે એવી પરિસ્થિતિમાં લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. સ્થાનિકોની આ વ્યથાને સમજીને પીએમના સૂચન બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

બેટ દ્વારકાની જનતાને આઝાદીના ૭૫ વર્ષ બાદ ખરા અર્થમાં પરિવહનની સ્વતંત્રતા મળી છે. દ્વારકાથી બેટ દ્વારકા વચ્ચે સવારે ૫ વાગ્યાથી શરૂ કરી મોડી રાત સુધી દર કલાકે બસ સેવા ચાલશે. ઉપરાંત અન્ય બે રૂટ અમરેલી- બેટ દ્વારકા અને માણસા બેટ દ્વારકા વચ્ચે બસ સેવાના રૂટ શરૂ કરવામાં આવ્યા છે.

બેટ દ્વારકા જતા-આવતા યાત્રાળુઓમાં એસટી તંત્રના આ નિર્ણયથી આનંદની લાગણી જોવા મળી રહી છે.

# મુખ્યમંત્રી સિક્યોરિટીમાં કોઇ લાંબુ ટકતું નથી ત્યાં તૈરૈયાની ચાર વર્ષની હેટ્રિક

(વિનુ પુરોહિત દ્વારા)
વિસાવદર તા.૨૮

ગાંધીનગરમાં સામાન્યતઃ મુખ્યમંત્રી અને VVIP સિક્યોરિટી જેવી હાઈ પ્રોફાઈલ બ્રાન્ચમાં પોલીસ અધિક્ષક તરીકે કોઈ પણ IPS બે-ત્રણ વર્ષથી વધુ સમય માટે ટકતા નથી. પરંતુ, પ્રમોટિવ IPS ચિંતન તેરૈયા આ એક જગ્યા ઉપર ચાર વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. ચાર વર્ષમાં ગુજરાતમાં ત્રણ સરકારો અને બે મુખ્યમંત્રીઓ બદલાયા છે. એટલું જ નહીં આ સમયગાળામાં ચૂંટણી, G-20, વાઈબ્રન્ટ સમિટ સહિત અનેક ઈવેન્ટમાં હાઈ સિક્યોરિટી લેયર ધરાવતા સૌથી વધુ VVIPની મૂવમેન્ટ રહી છે. એમ છતાંય આ તેરૈયા CM સિક્યોરિટી ચીફ તરીકે યથાવત રહ્યા છે. હવે જ્યારે લાંબા સમયથી અટકી પડેલી IPSની બદલીઓ જાહેર થશે ત્યારે ચાર વર્ષની હેટ્રિક સર્જનારા ચિંતન તેરૈયા યથાસ્થાને રહેશે કે પછી જ્યાં કોઈ લાંબું ટક્યું નથી ત્યાં તેમનું નિર્વિવાદપણું કોઈ સારું પોસ્ટિંગ અપાવે છે તેના પર તેમની બિરાદરી નજર ટાંકીને બેસી છે. કારણ આ IPSને હજુ સુધી ક્યાંય DSPનું પોસ્ટિંગ જ મળ્યું નથી.

# ઉના પોલીસને સમીર ગેસ એજન્સી વિરૂદ્ધ કરેલ અરજીની યોગ્ય તપાસ થાય તો રાજકીય કાવતરાના કોભાંડ સામે આવવાની સંભાવના

## અગાઉ પકડાયેલ ભાવેશ ટિલવાની ની તપાસ થાય તો સત્ય હકીકત સામે આવી જશે : ચિંતન ગઢીયા

(નીરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૨૮

ઘણા સમયથી રાજકીય માણસ ની નજર ગેસ એજન્સી પર છે એ ઉના શહેર ના જાગૃત નાગરિક ને ખ્યાલજ છે પરંતુ પોતાની જાતને કાવા દાવા કરવાની માંસ્તરી હવે ઉના શહેર ના લોકોને સમજાય ગઈ હોવાનું દેખાય ગયેલ છે એવામાં ગયા મહિને ભાવેશ ટીલવાની કરીને પકડાયેલ માણસ ને ત્યાંથી HP ગેસ ના સિલિન્ડર પણ પકડાયેલ પરંતુ એ સંનખડા ની એજન્સી ત્યાં તાપસ થયેલ કે કોય રાજકીય ભલામણ ના લીધે આ ઈન્ડિયન ગેસ એજન્સી વાળાને ત્યાં હેરાન પરેશાન કરવાના ઈરાદે કરેલ હોવાનું જણાય આવે છે અને અધિકારી પણ રાજકીય માણસ ના ઈશારે નાચતા હોવાનું નકારી ના શકાય ઉના નાં જાગૃત નાગરિક દ્વારા ઉના પોલીસ ને લેખિત માં જાણ કરેલ કે અમુક માણસો ના સી સી ટી વી ફૂટેજ ની યોગ્ય તપાસ કરો તો દૂધ નું દૂધ અને પાણી નું પાણી સામે આવી જશે એવામાં જાગૃત નાગરિક ની અરજી ની જાણ થઈ જતા સી સી ટી વી ફૂટેજ ગુમ કરી નાખેલ હોવાનું જણાય આવેલ છે હજુ પણ પોલીસ મુખ્ય સૂત્રધાર ની યોગ્ય તપાસ કરે તો સચ્ચાઈ સામે આવે તેવી પુરે પુરી સંભાવના દેખાય છે પરંતુ પોલીસ અને પુરવઠા વિભાગ કોના ઈસરે સોગંદનામા અને અરજી કરેલ તેની તપાસ કરશે કે પછી રાજકીય બીક ને મારે ફિંડલું વાળી દેસે! આવા અનેક કાવા દાવા કરી અને ઉના ના વેપારીઓ ને હેરાન પરેશાન કરી અને વેપારીઓને કનડગત કરેલ હોવાનું સામે આવેલ છે પરંતુ અધિકારીઓ કોય પગલા ભરતાજ નથી અને બીજા નિર્દોષ લોકો ભોગવે છે અને ભોગ બને છે હવે જોવાનું એ છે કે આ વખતે કઈ દિશામાં તપાસ ની ધમધમાટ શરૂ થશે કે પછી સાચા માણસ હાર થશે !

# વિસાવદર સામૂહિક આરોગ્ય કેન્દ્રના કરાર આધારિત વર્ગ-૩ તથા ૪ના કર્મચારીઓ ૪ માસથી પગાર વિહોણા

## નિયમિત પગાર ચૂકવવા ટિમ ગબ્બરની માંગ



(વિનુ પુરોહિત દ્વારા)
વિસાવદર તા.૨૮

વિસાવદરમાં ટિમ ગબ્બર ગુજરાતના કે.એચ. ગજેરા એડવોકેટ સુરત તથા વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા મુખ્યમંત્રી, કમિશનર,આરોગ્ય વિભાગ,આરોગ્યમંત્રી ગાંધીનગર વિગેરેને લેખિત રજુઆત કરી જણાવેલ છે કે, વિસાવદર તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય વિભાગના જુદા જુદા કરાર આધારિત કર્મચારીઓની નિમણૂક એમ.જે.સોલંકી અને ડી.જે.નાકરાણીની એજન્સી દ્વારા કરાર આધારિત કર્મચારીઓ તરીકે નિમણૂક આપવામાં આવેલ છે જેમાં પાર્ટ ટાઈમ ચોકીદાર, વોર્ડ બોય, ડ્રેસર, લેબ. ટેકનીશિયન, ડ્રાયવર વિગેરે હોદા ઉપર નિમણૂક આપવામાં આવેલ છે આ કર્મચારીઓ ખુબજ ઓછા પગારથી નોકરી કરતા હોય તેઓ ઘરની કુટુંબની જવાબદારી ધરાવતા હોય અવાર નવાર રજુઆત કરવા છતાં આવા કર્મચારીઓના ચાર માસ ઉપરાંતના પગાર ચડત થયેલ હોય અને તેઓના કુટુંબની આજીવિકાનો પ્રશ્ન ઉભો થયેલ હોય આ બાબતે તાત્કાલિક પગલાં લઈ આવા કર્મચારીઓને તાત્કાલિક પગાર ચુકવવામાં આવે તથા નિયમિત પગાર ચૂકવવવામાં આવે તેમજ આ અંગેની ગ્રાન્ટ ન હોય તો તાત્કાલિક ફાળવવામાં આવે તેવી પણ અમારી ટિમ ગબ્બર સમક્ષ રજૂઆત કરવામાં આવેલ હોય તેથી ઉપરોકત બાબતે ટીમ ગબ્બર ગુજરાતની આ રજુઆત લાગુ પડતા વિભાગો કરી/કરાવી કરેલ કાર્યવાહીનો લેખીત જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે અમારા ટિમ ગબ્બરના સરનામે મોકલી આપવા અરજ કરેલ હોવાનુ ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમા જણાવાયું છે.

# ખંભાળિયાની રહેણાંક સોસાયટીમાં અઢી દાયકા બાદ મળ્યું પીવાનું પાણી



## શક્તિનગરના બંગલાવાડી ખાતે પાઈપલાઈન વાટે પાણી મળતું થયું

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૮

ખંભાળિયા શહેરને સંલગ્ન આવેલી શક્તિનગર ગ્રામ પંચાયત કે જ્યાં અનેક રહેણાંક મકાનો તેમજ સોસાયટીઓ આવેલી છે, ત્યાં નગરપાલિકા દ્વારા પાણીનું વિતરણ થઈ શકતું ના હોય, ગઈકાલે મંગળવારે સાંજે ગ્રામ પંચાયત દ્વારા લાંબી જહેમત બાદ પાણીનો પ્રશ્ન હલ થયો છે અને પાણી વિતરણ અંગેની કામગીરી શરૂ કરવી દેવામાં આવી છે.

ખંભાળિયાના શક્તિનગર ગ્રામ પંચાયત દ્વારા શહેરની બગલમાં આવેલી આશરે ૨૫ વર્ષ જૂના એવા બંગલાવાડી વિસ્તારમાં પીવાનું પાણી મળે તે માટે પાઈપલાઈન તેમજ ટાંકાની કામગીરી કરવામાં આવી હતી. અહીંના માર્કેટિંગ યાર્ડના ચેરમેન પી.એસ. જાડેજા, સરપંચ પૂનમબેન મયુરભાઈ નકુમ, ઉપસરપંચ હેતલબા ચંદ્રસિંહ જાડેજા અને તલાટી પ્રભાતભાઈ વિંઝોડા તેમજ ગ્રામ પંચાયતના સદસ્યો દ્વારા બંગલાવાડી વિસ્તારના રહીશોની માંગણીને ધ્યાને લઈ અને આ વિસ્તારમાં આવેલા ૮૦૦ જેટલા રહેણાંક મકાન માટે ઘી ડેમ વિસ્તારમાં ૨૦ લાખ લિટરનો ટાંકો બનાવવામાં આવ્યો છે. ઘી ડેમથી બંગલાવાડી સોસાયટીમાં પાણી પૂરું પાડવા માટે સોસાયટીમાં આઠ લાખ લીટરનો અલગથી ટાંકો બનાવ્યો છે. આટલું જ નહીં, ફક્ત એક વિસ્તારમાં ૧૫૦૦૦ ફૂટ પાણીની પાઈપલાઈન બીછાવી અને આ વિસ્તારના રહીશોને પાણી મળે તે માટે નોંધપાત્ર કવાયત કરવામાં આવી હતી.

વર્ષ ૧૯૯૭ માં બનેલી બંગલાવાડી સોસાયટીમાં આજ દિન સુધી પીવાના પાણીની સુવિધા પ્રાપ્ય ન હતી. પરંતુ શક્તિનગર ગ્રામ પંચાયતના હોદેદારો, સદસ્યો તેમજ આગેવાનોની જહેમતથી પીવાના પાણી માટેની પાઈપલાઈનનું ગઈકાલે ટેસ્ટિંગ કરી, અને અહીં નળ વાટે પાણી વિતરણ વ્યવસ્થા સફળતાપૂર્વક કરવામાં આવી છે. આ સુવિધા પ્રાપ્ત થયેથી બંગલાવાડી વિસ્તારના રહીશોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

# ઉના તોડકાંડ : ૫૫ દિવસ બાદ નિલેશ મૈયા રાજકોટ ACB સમક્ષ હાજર

## નિલેશ મૈયા એટલા લાંબા સમયથી કોના ભલામણથી નળિયા માંડવી ચેક પોસ્ટ ફરજ બજાવતો !

(નિરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૨૮

ઉના પોલીસના તોડકાંડ માં ૫૫ દિવસ કોના સહારે કાઢ્યા નિલેશ મૈયા એ! ક્યાં રાજકીય ભલામણ થી એટલા લાંબા સમયથી માંડવી ચેક પોસ્ટ ખાતે ફરજ બજાવતો! અનેક તોડકાંડ થયેલ છતા રાજકીય એકપણ વ્યક્તિ ને ખ્યાલ નતો કે પછી મજાલેતા તા? નાકે દિવથી દારૂની હેરાફેરી થતી હશે એમાં ક્યાંક કોકનો ભાગ હશે! અનેક સવાલો ની અવઢવ ના જવાબ નિલેશ મૈયા પાસેથી મળવાની પુરે પુરી સંભાવના છે પરંતુ ACB તપાસ દરમ્યાન નિલેશ મૈયા નળિયા માંડવી ચેક પોસ્ટ પરથી એટલી આવક ક્યાં ક્યાં અધિકારીઓ ને પોચતી કે પછી રાજકીય ભલામણ ના ઈસારે પોલીસ ની ડયૂટી નિભાવતા હતા! નિલેશ મૈયા પાસે અનેક રાઝ ના જવાબ મળે તેવી પુરે પુરી સંભાવના છે જોવાનું એ છે નિલેશ મૈયા રાઝ ખોલાવશે કે પછી મનની ઠોકી મનમાં જાણે જેવી સ્થિતિ થશે.

# શિવરાત્રી મેળાને લઈને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત : તકેદારીના અનેક પગલા

## આગામી તા.૫ થી ૮ માર્ચ દરમ્યાન યોજાનારા શિવરાત્રી મેળામાં આવનારા ભાવિકોની સલામતી અને સુરક્ષા માટે ગોઠવાશે અભેદ સુરક્ષા ચક્ર : પાંચ ઝોનમાં પોલીસ ટુકડી તૈનાત






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થ ક્ષેત્રમાં ભવનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાનાર શિવરાત્રીનો મહામેળો આગામી તા.૫ થી ૮ માર્ચ દરમ્યાન યોજવામાં આવશે. ત્યારે આ મેળા અંગે તડામાર તૈયારી હાલ ચાલી રહી છે. શિવરાત્રી મેળામાં આવનારા ભાવિકોની સલામતી અને સુરક્ષા માટે જૂનાગઢ શહેર અને જીલ્લા પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત અને કડક બંદોબસ્ત ગોઠવવામાં આવી રહેલ છે. પાંચ ઝોનમાં બંદોબસ્ત મુકાશે અને અનેકવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. ભાવિકો આ મેળામાં શાંતિપુર્વક આનંદ માણી શકે અને કોઈ જાતના અનિચ્છનીય બનાવો બને નહી તે માટે પગલાઓ ભરવામાં આવી રહ્યા છે. તકેદારીના પગલાના ભાગરૂપે ગઈકાલે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી હિતેશ ધાંધલીયા અને પોલીસની વિવિધ ટીમો દ્વારા ભવનાથ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું. આ અંગેની પ્રાપ્ત થતી વિગતો મહા શિવરાત્રીના મેળાને લઈને કાયદો વ્યવસ્થા તેમજ સલામતી અને સુરક્ષા માટે ગઈકાલે સાંજે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ડીવાયએસપી હિતેષ ધાંધલીયા, ભવનાથ પોલીસ, એસઓજી, એલસીબી સહિતના પોલીસ સ્ટાફ દ્વારા ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું. મેળામાં દર વર્ષની માફક આ વર્ષે પણ બંદોબસ્ત માટે પાંચ ઝોનમાં પોલીસ બંદોબસ્ત મુકવામાં આવનાર છે. જેમાં ભવનાથ ઝોન, શહેરી ઝોન, ગિરનાર ઝોન, રૂપાયતન ઝોન અને દામોદર કુંડ ઝોન વાઈઝ વિવિધ પોલીસ અધિકારીઓને ફરજ સોંપવામાં આવશે. જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું કે, શિવરાત્રી મેળામાં આવનારા યાત્રિકોને કોઈ અડચણ ના પડે તે માટે દરેક ટ્રાફિક પોઈન્ટનું નિરીક્ષણ કરીને કેવી રીતે રસ્તાને ડાયવર્ઝન કરવા તેના માટે કેવી રીતે કયાં કયાં સાઈન બોર્ડ મુકવા તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સાથે ખાસ કરીને સલામતી માટે બોંબ ડિસ્પોઝલ ટીમ દ્વારા ભવનાથમાં વિવિધ ધાર્મિક સ્થળોએ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. સાથે ડોગ સ્કોર્ડ દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. તેમજ અન્ય સ્ટાફ દ્વારા રૂટ ઉપર શંકાસ્પદ વ્યકતિઓ ઉપર નજર રાખવામાં આવી રહી છે. તેમજ જૂનાગઢ શહેર અને જીલ્લામાં આવેલા વિવિધ હોટેલ, ધાબા, ગેસ્ટ હાઉસ સહિતના સ્થળોએ પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ચાર દિવસનો મેળો શાંતિમય માહોલમાં યોજાય તે માટે વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને કાળા કાચ વાળા વાહનો, નંબર પ્લેટ વગરના વાહનો અંગે ચેકિંગ અને શંકાસ્પદ વ્યકિતઓની હિલચાલ ઉપર પોલીસની બાજ નજર રહેશે. પોલીસે ફુટ પેટ્રોલીંગ કર્યું અને એક ખાસ ડ્રાઈવનું આયોજન કર્યું હતું. પોલીસ દ્વારા વિવિધ ધાર્મિક સ્થળો ઉપરાંત રવેડી રૂટ ઉપર પણ ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું. સાથે આસપાસના બંધ મકાનો તેમજ વાડી વિસ્તારમાં પણ પોલીસ દ્વારા નજર રાખવામાં આવી રહી છે. તેમજ ભવનાથમાં પ્રવેશતા શહેરના વિવિધ માર્ગો ઉપર પોલીસ દ્વારા વાહન ચેકિંગ કરવા માટે ટીમો તૈનાત કરવામાં આવી છે. દરમ્યાન શિવરાત્રી મેળો શરૂ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સલામતીના અનેક પગલા પોલીસ દ્વારા લેવામાં આવી રહ્યા છે. જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ચુસ્ત અને કડક બંદોબસ્ત ગોઠવવામાં આવી રહ્યો છે.

## શિવરાત્રી મેળો શરૂ થાય તે પુર્વે ભવનાથમાં પોલીસનું સઘન ચેકિંગ

જૂનાગઢ તા.૨૮

શિવરાત્રી મેળાની પુર્વ તૈયારીના ભાગરૂપે જૂનાગઢ જીલ્લા પોલીસ વડા દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને સુરક્ષાના પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

- ભવનાથ વિસ્તારમાં ગઈકાલે પોલીસે કર્યું ફુટ પેટ્રોલીંગ
- જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ડીવાયએસપી હિતેશ ધાંધલીયા અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સઘન ચેકિંગ
- બીડીડીએસ ટીમ, કયુઆરટી ટીમ, ડોગ સ્કવોડ, ગર્વ ટીમ તેમજ એસઓજી દ્વારા થયું ચેકિંગ
- રવાડી રૂટનું પોલીસ દ્વારા નિરીક્ષણ કરાયું
- મહાશિવરાત્રી મેળામાં વાહનોની અવર-જવર માટે આગવી વ્યવસ્થા ગોઠવાઈ

## અયોધ્યા ખાતે સેવા આપનાર સેવાભાવીનું સન્માન કરાયું



જૂનાગઢ તા.૨૮

ભારતીય જનતા પાર્ટી - ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની સુચના મુજબ જૂનાગઢ મહાનગરના અધ્યક્ષ પુનીત શર્માના માર્ગદર્શન હેઠળ રામ જન્મભૂમિ અયોધ્યામાં વ્યવસ્થા કમીટીની સાથે દસ દિવસ સુધી અયોધ્યા ખાતે આવનાર રામભક્તોની સેવા માટે ગુજરાતમાંથી અનેક સેવાભાવી કાર્યકરો જોડાયા હતા. રામ ભક્તોએ અયોધ્યા રેલ્વે સ્ટેશનને સ્વાગત, આવાસ, રામ લલ્લાના દર્શન, ભોજન અને પરત જવાની તમામ વ્યવસ્થા જૂનાગઢ મહાનગરના ઉપાધ્યાયક્ષ ભરતભાઈ બાલસ, કિશાન મોર્ચાના ઉપાધ્યાયક્ષ મેણસીભાઈ સારીયા તથા વોર્ડ પ્રમુખ પ્રગનેશભાઈ રાવલે પણ દસ દિવસ સુધી અયોધ્યા ખાતે સેવાકાર્યમાં ફરજ બજાવી પરત ફરેલ ત્યારે તેમનું સ્વાગત જૂનાગઢ મહાનગર તેમજ યૂવા મોરચા મહામંત્રી પરાગ રાઠોડ, ધવલ બાલસ તથા કાર્યકરો દ્વારા જૂનાગઢ રેલ્વેસ્ટેશન ઉપર સ્વાગત કરવામાં આવ્યું હતું.

## સહકારી ક્ષેત્રનાં અગ્રણી ડોલરભાઈ કોટેચા ફરીવખત ગુજરાત રાજય ખેતી બેંકનાં ચેરમેન તરીકે બિનહરીફ



જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ રઘુવંશી સમાજનાં અગ્રણી ડોલરભાઈ કોટેચાની ગુજરાત રાજય ખેતી બેંકનાં ચેરમેન તરીકે બીનહરીફ વરણી થઈ છે. તાજેતરમાં યોજાયેલી બેઠકમાં ડોલરભાઈ કોટેચાને બીજી વખત ચેરમેન તરીકે જાહેર થતાં રઘુવંશી સમાજ તેમજ સહકારી ક્ષેત્રનાં આગેવાનો દ્વારા તેમનાં મો. નં. ૯૯૨૪૧ ૧૮૯૦૦ ઉપર શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવવામાં આવી રહયા છે.


**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે.
: કોન્ટેક :
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

**નાઈટમાં મેનેજર જોઈએ છે**

**હોટલ સોમનાથ**
રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ
રૂબરૂ મળો
સવારે ૧૦ થી ૧૨

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર**
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
**રાજ ડાયનીંગ હોલ**
કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે અળદીયા માટેનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે (તાજુ માખણ મળશે)
**વિજય ઘી ડીપો**
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''
**: સુભાષ :**
**પાણીપુરી**
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ


**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

સ્પે. રજબનો રોટ માત્ર રૂા. ૨૪૦માં
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગ દ્વારા
ટેકાના ભાવે ઘઉં, મકાઈ, બાજરી, જુવાર
જેવા ધાન્ય પાકોની ખેડૂતો પાસેથી સીધી ખરીદી




રજિસ્ટ્રેશનનો સમયગાળો તા.૨૭ ફેબ્રુઆરી થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી
ગ્રામ્ય કક્ષાએ ઈ-ધરા કેન્દ્રો ખાતે V.C.E મારફત રજિસ્ટ્રેશન
ટેકાના ભાવે ખરીદીનો સમયગાળો તા.૧૫ માર્ચ થી ૩૧ મે ૨૦૨૪ સુધી

**રાજ્ય સરકાર દ્વારા બાજરી તથા જુવાર ટેકાના ભાવ પર જાહેર કરાયેલ ₹ ૩૦૦ નું બોનસ**

| ક્રમ | જણસીનું નામ | ટેકાનો ભાવ ₹ (પ્રતિ ક્વિન્ટલ) | ટેકાના ભાવ ₹ (પ્રતિ મણ) | બોનસ ₹(પ્રતિ ક્વિન્ટલ) | ખરીદીનો કુલ ભાવ ₹(પ્રતિ ક્વિન્ટલ) |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬=૩+૫) |
| ૧. | ઘઉં | ૨૨૭૫ | ૪૫૫ | ------- | ૨૨૭૫ |
| ૨. | મકાઈ | ૨૦૯૦ | ૪૧૮ | ------- | ૨૦૯૦ |
| ૩. | બાજરી | ૨૫૦૦ | ૫૦૦ | ૩૦૦ | ૨૮૦૦ |
| ૪. | જુવાર (હાઈબ્રિડ) | ૩૧૮૦ | ૬૩૬ | ૩૦૦ | ૩૪૮૦ |
| ૫. | જુવાર (માલદંડી) | ૩૨૨૫ | ૬૪૫ | ૩૦૦ | ૩૫૨૫ |

**ખેડૂતોએ નોંધણી માટે નીચે મુજબના જરૂરી આધાર પુરાવા રજૂ કરવાના રહેશે**

(૧) આધાર કાર્ડની નકલ
(૨) ગામ નમૂના ૭-૧૨ તથા ૮-અ ની તાજેતરની નકલ
(૩) ગામ નમૂના ૧૨ માં પાક વાવણી અંગેની નોંધ ન થઈ હોય તો, પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો અદ્યતન દાખલો
(૪) ખાતેદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ અથવા કેન્સલ કરેલા ચેકની નકલ

**નોંધણી તથા ખરીદી સમયે ધ્યાને લેવા પાત્ર બાબતો**

ખેડૂતોએ નોંધણી માટે V.C.E ને કે ગોડાઉન કક્ષાએ કોઈ પણ રકમ ચૂકવવાની રહેતી નથી, જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.
ખરીદી સમયે ખેડૂતોએ જથ્થો સાફ-સૂફ કરી, ખુલ્લામાં યોગ્ય રીતે સૂકવીને લાવવાનો રહેશે
ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે, ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે, જેની નોંધ લેશો

ખેડૂત ખાતેદારોને D.B.T મારફતે સીધા તેઓના રજિસ્ટર્ડ બેન્ક ખાતામાં નાણાં જમા કરવામાં આવશે -શ્રી કુંવરજીભાઈ બાવળીયા, માનનીય મંત્રી

હેલ્પલાઈન નંબરઃ ૮૫૧૧૧૭૧૭૧૮, ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે